RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 204 Dt. 16-11-2024 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# ઉત્તર-પૂર્વ ભારત દેશની અષ્ટલક્ષ્મી : મોદી

## આસામમાં પ્રથમ બોડોલેન્ડ મહોત્સવને સંબોધિત કરતી વખતે વડા પ્રધાને હિંસાનો માર્ગ છોડવા બદલ બોડો સમુદાયના વખાણ કર્યા



નવીદિલ્હી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું કે બોડોલેન્ડના ઉજ્જ્વળ ભવિષ્ય માટે મજબૂત પાયો તૈયાર કરવામાં આવ્યો છે. ૨૦૨૦માં ઐતિહાસિક શાંતિ સમજૂતી બાદ અહીં વિકાસની લહેર જોવા મળી હતી. પ્રથમ બોડોલેન્ડ મહોત્સવને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને હિંસાનો માર્ગ છોડવા બદલ બોડો સમુદાયના વખાણ પણ કર્યા હતા. તેમણે કહ્યું, આસામના જંગલોના કેટલાક ભાગો એક સમયે છુપાયેલા સ્થળો હતા. પરંતુ હવે તેઓ યુવાનોની મોટી મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવાનું માધ્યમ બની રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર ઉત્તર-પૂર્વમાં સ્થાયી શાંતિ માટે સતત પ્રયાસો કરી રહી છે. પીએમએ કહ્યું કે તેઓ આસામ સહિત સમગ્ર ઉત્તર-પૂર્વને ભારતની અષ્ટલક્ષ્મી માને છે. હવે પૂર્વ ભારતમાંથી વિકાસનો સૂરજ ઉગશે જે વિકસિત ભારતના સંકલ્પને નવી ઉર્જા આપશે.

પીએમએ કહ્યું કે કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોના સરહદી વિવાદોના સૌહાર્દપૂર્ણ ઉકેલની શોધમાં છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે, બોડો શાંતિ સમજૂતીથી માત્ર સમુદાયને જ ફાયદો થયો નથી પરંતુ આ ક્ષેત્રમાં ઘણા વધુ કરારો માટે નવા માર્ગો પણ ખુલ્યા છે. જો તે માત્ર કાગળ પર જ રહી હોત, તો અન્ય લોકોએ મારા પર વિશ્વાસ ન કર્યો હોત. તમે તમારા જીવનમાં સમાધાનને આત્મસાત કર્યું. પીએમે કહ્યું કે તેઓ જે ટ્રસ્ટ સાથે બોડો લોકો પાસે ગયા હતા તેનું સન્માન કર્યું.

વડાપ્રધાને કહ્યું કે, હું શાંતિ સમજૂતીના સકારાત્મક પરિણામો જોઈને ખૂબ જ સંતોષ અનુભવું છું. તમે નવો ઈતિહાસ લખ્યો છે. ૫૦ વર્ષ રક્તપાત, ૫૦ વર્ષ હિંસા, ત્રણ-ચાર પેઢીઓ આ હિંસામાં ભસ્મ થઈ ગઈ. આટલા દાયકાઓ પછી બોડો આજે તહેવારની ઉજવણી કરી રહ્યા છે. શાંતિ કરાર પછી, મને કોકરાઝાર આવવાની તક મળી અને તમે મને ત્યાં આપેલી હૂંફ અને સ્નેહ હું હંમેશા યાદ રાખીશ. મોદીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે બોડોલેન્ડના વિકાસ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ આપ્યું છે. આસામ સરકારે પણ વિશેષ પેકેજ આપ્યું છે. બોડોલેન્ડમાં શિક્ષણ, આરોગ્ય અને સંસ્કૃતિ સંબંધિત માળખાકીય સુવિધાઓના વિકાસ પર રૂ. ૭૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. વડાપ્રધાને કહ્યું કે, શાંતિ સમજૂતીઓને કારણે એકલા આસામમાં ૧૦ હજારથી વધુ યુવાનોએ બંદૂકો અને હિંસા છોડી દીધી અને મુખ્ય પ્રવાહમાં જોડાયા. કાર્બી આંગલોંગ શાંતિ સમજૂતી, બ્રુ-રીઆંગ સમજૂતી અને NLFT ત્રિપુરા કરાર વાસ્તવિકતા બનશે એવી કોઈએ કલ્પના પણ નહોતી કરી. તેણે કહ્યું કે, મને ખુશી છે કે જે યુવાનો થોડા વર્ષો પહેલા બંદૂક હાથમાં રાખતા હતા તે હવે રમતના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. કોકરાઝારમાં ડ્યુરાન્ડ કપની બે આવૃત્તિઓ યોજવી અને બાંગ્લાદેશ, નેપાળ અને ભૂતાનની ટીમોનું આગમન પોતાનામાં ઐતિહાસિક છે.

### ન્યુઝ ફલેશ....

**ઝાંસી મેડીકલ કોલેજનાં ચિલ્ડ્રન વોર્ડમાં લાગી ભીષણ આગ : ૧૦ બાળકોના મોત : ૪૦નું રેસ્ક્યુ : ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે : ૨૦ થી વધુ બાળકો હજુ પણ વોર્ડમાં ફસાયેલા હોવાનું અનુમાન**

# પાટણ-હળવદ સહિતીની ધરા ધ્રુજી : ૪.૨નો ભૂકંપ




## કેન્દ્રબિંદુ પાટણથી ૧૩ કિ.મી. દૂર : કોઈ જાનહાનિ નહિ

રાજકોટ, તા. ૧૫

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગઈ કાલે રાત્રે ૧૦:૧૫ની આસપાસના સમયમાં ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતાં. ઉત્તર ગુજરાતમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૧૦:૧૫ની આસપાસના સમયમાં ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતાં. પાલનપુર, વડગામ, ડીસા સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી છે. ૪.૨ રિક્ટર સ્કેલની તીવ્રતાનો આંચકો હોવાની વિગતો છે. ભૂકંપના આંચકાને લઈને લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ગુજરાતના પાટણ અને બનાસકાંઠા, મહેસાણામાં રાત્રે ૧૦.૧૫ મિનિટે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, આપને જણાવીએ કે, કેન્દ્રબિંદુ પાટણથી ૧૩ કિ.મી. દૂર નોંધાયો છે.

મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, ડીસા, ખેરાલુ, પાલનપુર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, બહુચરાજી, સતલાસણા, હારીજ, સમી સહિતના વિસ્તારોમાં ભૂકંપનો આચંકો અનુભવાયો હતો. મોરબી અને સુરેન્દ્રનગરમાં પણ ધ્રુજારી અનુભવાઈ છે. હળવદના કોઈબા, ઢવાણા, માલણીયાદ અને આસપાસના વિસ્તારમાં પણ ભૂકંપ આવ્યો હતો. તો કચ્છના રાપર તાલુકાના નાના રણમાં પણ ભૂકંપના આચંકા અનુભવાયા હતા. જેમાં આડેસર, નાંદા સહિતના ગામોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. મળતી માહિતી અનુસાર, ભૂકંપના કારણે કોઈ જાનહાનિ થવા પામી નથી. ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

ગઈકાલે આશરે સવા દસ વાગ્યે પાટણમાં ૪.૨ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. જેનું કેન્દ્રબિંદુ પાટણથી ૧૩ કિ.મી.દક્ષિણ પૂર્વમાં નોંધાયું છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ અંગેની પૃષ્ટિ કરી છે. આ ભૂકંપના આચકા સમગ્ર ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્રનાં કેટલાક ભાગ અને માઉન્ટ આબુ સુધી અનુભવાયા હતાં. લોકોના જણાવ્યા અનુસાર ભૂકંપના આંચકા અનુભવાયા હાલ કોઈ જાનહાની થઈ નથી.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
૬૯ પૈસા સોના ધિરાણ
માસિક વ્યાજ* *શરતોને આધિન
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
રૂા. 2 લાખ સુધી રોકડ પેમેન્ટ
7.99 % વાર્ષિક વ્યાજ*
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

## પોરબંદર દરિયા કાંઠેથી વધુ એક વાર મોતનો સામાન કબજે : ઉડતા ગુજરાતના મનસુબા પર ફરી વળ્યું પાણી

# ૩૫૦૦ કરોડનું ૭૦૦ કિલો ડ્રગ્સ જપ્ત

## ગુજરાત ATS-NCBને મળી સફળતા : ૩,૫૦૦ કરોડનું ડ્રગ્સનું અનુમાન : ૮ ઈરાનીઓ ઝડપાયા



રાજકોટ, તા. ૧૫

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ પોરબંદરના દરિયામાંથી ૭૦૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કર્યું છે. ગુરુવારે મોડી રાત્રે શરૂ થયેલા સંયુક્ત ઓપરેશનમાં ભારતીય નૌકાદળ પણ સામેલ હતું. ઈરાની બોટ દ્વારા આ ડ્રગ્સની દાણચોરી કરવામાં આવી રહી હતી. ઈરાની તરીકે ઓળખાવતા આઠ વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી છે. અફઘાનિસ્તાનથી માદક દ્રવ્યોના પરિવહન કેન્દ્ર એવા પાકિસ્તાન સાથે તેની નિકટતાને કારણે ગુજરાતનો દરિયાકિનારો ભારતમાં ડ્રગની હેરફેર માટેના હોટસ્પોટ તરીકેની તેની છબી સાથે સંઘર્ષ કરી રહ્યો છે. ગુજરાતના મંત્રી હર્ષ સંઘવીના જણાવ્યા અનુસાર, રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં રૂ. ૯,૬૦૦ કરોડની કિંમતના ૮૭,૦૦૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે. જૂનમાં સંઘવીએ કહ્યું હતું કે આ કેસોમાં ૨,૬૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ગુજરાતમાં ડ્રગ સંબંધિત કામગીરી હેઠળ ૩૫૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૨૫૧ કેસ નોંધાયા છે. નોંધનીય છે કે ૨૦૨૧-૨૦૨૪ વચ્ચેના અહેવાલમાં રેવન્યુ ઇન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ જેવી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા જપ્ત કરાયેલા પ્રતિબંધનો સમાવેશ થતો નથી.

આ અઠવાડિયે સમાચારમાં ડ્રગ સંબંધિત આ બીજી મોટી ઘટના છે. ગુરુવારે, સત્તાવાળાઓએ ભારત-નેપાળ સરહદ નજીક એક ભારતીય નાગરિક સહિત ત્રણ લોકોની ધરપકડ કરી હતી, જેઓ ૨૨.૫ કિલો હશીશ સાથે મળી આવ્યા હતા. ધરપકડ કરાયેલા અન્ય બે વ્યક્તિઓ નેપાળી નાગરિકો છે. ઑક્ટોબરમાં, દિલ્હીમાં અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગનો પર્દાફાશ થયો હતો, જેમાં પોલીસે બહુવિધ કામગીરીમાં ૭૦૦ કિલોથી વધુ કોકેઈન જપ્ત કરી હતી. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ ભારતીય જળસીમામાં એક અનરજિસ્ટર્ડ જહાજમાંથી આશરે ૭૦૦ કિલોગ્રામ સાયકોટ્રોપિક ડ્રગ મેથામ્ફેટામાઇન જપ્ત કર્યું છે, એમ NCBના વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

ગુજરાત પોલીસ અને ભારતીય નૌકાદળના સંયુક્ત ઓપરેશનમાં નોંધણી વગરના જહાજને અટકાવવામાં આવ્યું હતું. જપ્ત કરાયેલા મેથામ્ફેટામાઈનની કિંમત અંદાજે ૧,૭૦૦ કરોડ રૂપિયા છે. જહાજ પર કોઈપણ ઓળખ દસ્તાવેજો વગર મળી આવેલા આઠ વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું કે તે ઈરાની નાગરિક છે. વધુ વિગતો શેર કરતા, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ ઓપરેશન્સ (NCB) જ્ઞાનેશ્વર સિંઘે જણાવ્યું હતું કે તેમને એવી બાતમી મળી હતી કે એક અનરજિસ્ટર્ડ જહાજ, જેમાં કોઈ અઈજ સ્થાપિત નથી, તે ભારતીય જળસીમામાં માદક દ્રવ્યો અથવા સાયકોટ્રોપિક પદાર્થો સાથે પ્રવેશ કરશે.

આ ઇન્ટેલિજન્સ ઇનપુટ પર, સાગર-મંથન-૪ નામનું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને ભારતીય નૌકાદળ દ્વારા તેના મિશન-તૈનાત દરિયાઇ પેટ્રોલિંગ અસ્કયામતોને એકત્ર કરીને જહાજને ઓળખવામાં આવ્યું હતું અને અટકાવવામાં આવ્યું હતું, જેના પરિણામે ઉપરોક્ત જપ્તી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ડ્રગ સિન્ડિકેટની આગળ અને પાછળની કડીઓને ઓળખવા માટે તપાસ ચાલી રહી છે, જેમાં વિદેશી ડ્રગ લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓ પાસેથી મદદ લેવામાં આવી રહી છે.

**ક્યાંથી આવ્યું ડ્રગસ? કોની છે સંડોણી? આ તમામ મુદ્દાઓ પર તપાસ શરૂ**

### સાગર મંથન ઓપરેશન NCB માટે આશીર્વાદરૂપ

ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતમાં NCB દ્વારા ઓપરેશન ''સાગર મંથન'' શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ગઈઈ હેડક્વાર્ટરની ઓપરેશન્સ શાખાના અધિકારીઓની એક ટીમ અને ભારતીય નૌકાદળ, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ATS ગુજરાત પોલીસની ઓપરેશન્સ/ઈન્ટેલિજન્સ વિંગના અધિકારીઓ સામેલ હતા. ગેરકાયદે ડ્રગ્સની દરિયાઈ હેરાફેરી દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમનો સામનો કરવા માટે તેની રચના કરવામાં આવી હતી.

### આજ દિન સુધીમાં ૩૪૦૦ કિલો વિવિધ માદક દ્રવ્યો અને સાયકોટ્રોપીક પદાર્થો કરવામાં આવ્યા છે જપ્ત

NCB દ્વારા ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડના સંકલનમાં આવી દરિયાઈ કામગીરીની શ્રેણી શરૂ કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં લગભગ ૩૪૦૦ કિલો વિવિધ માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે. આ વર્ષે ત્રણ કેસમાં ૧૧ ઈરાની નાગરિકો અને ૧૪ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે અને તમામ ટ્રાયલની રાહ જોઈને જેલમાં છે. ભારતમાંથી ડ્રગ્સના જોખમને દૂર કરવા માટે, કેન્દ્રએ તાજેતરમાં ગઈઈમાં ૧૧૧ પોસ્ટની રચના કરી છે, જેમાં છેલ્લા ૨ વર્ષમાં બનાવવામાં આવેલી ૪૨૫ પોસ્ટ્સ ઉપરાંત ૫ SP સ્તરની પોસ્ટનો સમાવેશ થાય છે.

દુઃખદ અવસાન - બેસણું
દિલગીર સાથ જણાવવાનું કે



સ્વ. મંજુનાથ પી. પુજારી (ગ્રીનલીફ)
સ્વ. તા. ૦૯-૧૧-૨૦૨૪, કારતક સુદ-૮ ને સોમવાર ના રોજ દુઃખદ અવસાન (રામ ચરણ) પામેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
તેમનું બેસણું તા. ૧૮-૧૧-૨૦૨૪, સોમવાર, સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે
સ્થળ :- ગ્રીન લીફ રીસોર્ટ, જામનગર રોડ, રાજકોટ.
કે. એમ. જાડેજા (ખોડુભા)
મહિપાલસિંહ જાડેજા
GREEN LEAF Celebrating Life
દિપકકુમાર : ૯૦૩૩૧ ૯૯૯૩૧
કરનભાઈ : ૯૯૭૪૫ ૮૮૫૮૮
ગોવિંદભાઈ : ૯૦૯૯૦૯૨૯૧૬
પંચી કંકોત્રી-૯૮૭૯૦૦૧૬૦૨

આવ તારૂ કરી નાંખુ...તમે જાગૃત નહિ થાય તો ગઠીયા ગરીયા ફેરવતા જ રહેશે

# વિદેશ જવાની લ્હાયમાં દંપતિ, મહિલાએ ગુમાવ્યા લાખો રૂપિયા

## ત્રીજા કિસ્સામાં વિદેશ ભણતા બે છાત્રોની ફી ભરવાના નામે વાલીઓ સાથે બાવીસ લાખની ઠગાઇ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૫**

વિદેશના વર્ક પરમીટના વિઝાના નામે લોકોને છેતરવાના ધંધા સતત વધી ગયા છે. રોજબરોજ આવા બનાવો સામે આવી રહ્યા હોઇ પોલીસ પણ વિચારમાં મુકાઇ ગઇ છે. કારણ કે લોકોને આવા લેભાગુઓથી જાગૃત કરવાના પોલીસ દ્વારા સતત પ્રયાસો થઇ રહ્યા છે, રોજબરોજ આ પ્રકારના ન્યુઝ અલગ અલગ માધ્યમોમાં પ્રસારીત થઇ રહ્યા છે, આમ છતાં લોકો લેભાગુઓની જાળમાં ફસાઇને લાખો ગુમાવી રહ્યા છે. જેમાં રાજકોટની મહિલા એજન્ટે કાપડના વેપારી અને તેના પત્નિને યુકે મોકલવાની લાલચ દઇ તેર લાખ ગુમાવી દીધા હતાં. બીજા કિસ્સામાં યુએસ, કેનેડામાં અભ્યાસ કરતાં છાત્રોના બે વાલીને આ બંનેની ફી ભરી આપવાના નામે સાડા બાવીસ લાખનો ચુનો લગાડી દેવાયો હતો. ત્રીજા બનાવમાં યુકેના વીઝાના નામે એક મહિલા સાથે અઢાર લાખથી વધુની ઠગાઇ કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સિંગણપોરમાં કાપડના વેપારીએ પત્નિ સાથે યુ.કે જવાના ચક્કરમાં ૧૨.૮૨ લાખની રકમ ગુમાવી છે. આ વેપારી સાથે રાજકોટની મહિલા એજન્ટે છેતરપીંડી કરી હતી. સુરતના વેપારી વિમલ પુંભડીયાએ સિંગણપોર પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે મહિલા એજન્ટ વૈશાલી પ્રદીપ પટેલ અને રેખા (રહે. જશોદાનગર, અમદાવાદ) સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. વધુમાં કાપડના વેપારી સાત મહિના પહેલા લગ્ન પ્રસંગમાં રાજકોટ ગયા હતા. જ્યા મહિલા એજન્ટ વૈશાલી સાથે તેઓ સંપર્કમાં આવ્યા હતા. મહિલાએ એજન્ટે તેને પાસપોર્ટ વિઝાનું કામકાજ કરતી હોવાની વાત કરી હતી. વેપારીએ પત્ની સાથે યુ.કે જવાનું હતું. આથી તેઓ વિઝા માટે વૈશાલીને વાત કરી હતી. વૈશાલીએ તેઓને ૧૨ લાખનો ખર્ચ થશે એમ કહી પહેલા ૨.૫૦ લાખની રકમ માંગી હતી.

વેપારીએ યુકે જવા માટે એજન્ટને ટુકડે ટુકડે કરી ઓનલાઇન ૧૨.૮૨ લાખની રકમ આપી હતી. લાખોની રકમ આપ્યા પછી વિઝા નહીં કઢાવી આપતા વેપારીએ રૂપિયાની માંગણી કરી હતી. જોકે મહિલા એજન્ટે ખોટા વાયદાઓ કરી લાખોની રકમ ચાંઉ કરી ગઈ હતી. એજન્ટ વૈશાલીએ બીજાના ખાતામાં નાણા નખાવ્યા હતા. જેમાં રેખાના ખાતામાં પણ રૂપિયા નખાવ્યા હતા. નોંધનીય છે કે, દિવાળી બાદ હજારો લોકો ટુર પેકેજ ખરીદતા હોય છે પણ કેટલાક ઠગ ટ્રાવેલ્સવાળા લોકો સાથે પ્લાનિંગ સાથે ઠગાઈ




કરતા હોય છે. આવા લોકો સંખ્યાબંધ લોકોના ફરવાના સપના પર પાણી ફેરવે છે.

બીજા બનાવમાં અમેરિકા તથા કેનેડા ખાતે યુનિવર્સિટીની ફી ભરવાના બહાને બે શખ્સોએ રૂપિયા ૨૨.૫૦ લાખ પડાવી લીધા હતા. પરંતુ યુનિવર્સિટીની ફી ભરી ન હતી અને ખોટી બોગસ રીસીપ્ટ ફી ભર્યાની આપી દીધી હતી. જે રુપિયા વારંવાર પરત માંગવા છતાં તેઓ પરત આપતા ન હોય બંને વિરૂદ્ધ છેતરપિંડીની ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના વાસણા વિસ્તારમાં આવેલા કૈયા ડુપ્લેસમાં રહેતા દિપકભાઈ કાંતિભાઈ પટેલે ફરીયાદ નોંધાવી છે કે, મારા દિકરા વાસુનો મિત્ર પાર્થીવ વિનોદ પટેલ અમારા ઘરે અવાર-નવાર આવતો હતો. મારા દીકરા વાસુની ફી ભરવાની તેને ખબર પડતા વર્ષ ૨૦૨૩માં મારા ઘરે આવ્યો હતો ત્યારે એને મને કહ્યું હતું કે, વાસુની ફી ભરીને હું તમને ફી ભર્યા અંગેની રીસીપ્ટ આપીશ તે પછી તમે મને પૈસા આપજો.

પાર્થીવ મારા દિકરાનો મિત્ર હોઈ મે વાસુને અમેરીકા ટેમ્પલ યુનીવર્સીટીના ઈ-મેઈલ અને પાસવર્ડ આપ્યા હતા. રૂા.૧૫.૪૧ લાખ અમેરિકા ટેમ્પલ યુનિવર્સિટીમાં ફી ભર્યાની રસીદ મને આપી હતી. જેથી મે પાર્થીવ પટેલને માટે રોકડા તથા ચેકથી રુ. ૧૫.૫૦ લાખ આપી દીધા હતા. દરમિયાન મારા મિત્ર હરીવદનસિંહ નારાયણસિંહ ચૌહાણ (રહે. રીઝર્ડલ વાટીકા, અટલાદરા, બીલ કેનાલ રોડ, વડોદરા)ની દિકરી ભવ્યા જે કેનેડા વીન્સર યુનીવર્સીટીમાં માસ્ટર ઓફ કોમ્પ્યુટરમાં અભ્યાસ કરતી હોય તેની કોલેજની ફી રૂા. ૭ લાખ ભરવા માટે જણાવ્યું હતું. જેથી મે હરીવદનસિંહનો સંપર્ક પાર્થીય પટેલ સાથે કરાવ્યો હતો અને તેઓએ પાર્થીવ પટેલે મેઈલ આઈ. ડી તથા પાસવર્ડ આપી રૂપીયા ૭ લાખ ફી ભરવા કહ્યું હતું. જેથી પાર્થિવ પટેલે ફી ભરાઈ ગયેલાની રીસીપ્ટ બતાવના મારા મિત્ર હરિવદનસિંહે મારા ઘરે આવી મને રૂપીયા ૭ લાખ રોકડા આપ્યા હતા. ત્યારબાદ એક મહિના પછી મારા દિકરા વાસુનો અમેરીકાથી ફોન આવતા વાસુએ મને જાણ કરી હતી કે મારી યુનીવર્સીટીની ફી ભરાયેલ નથી અને પાર્થીવ પટેલ આપણી સાથે ફ્રોડ કર્યો છે તેવુ મને લાગે છે.

જેથી મે તરત જ પાર્થિવ પટેલને ફોન કરી આ ફી બાબતે પુછતા પાર્થીવ પટેલે મને જણાવેલ કે મે મારા મિત્ર સુમીત જગજીતસિંગ ધારીપાલા ઉર્ફે ચંદ્રકાંત ઉર્ફે ચંદન પાસે તમારા છોકરાની ફી ભરાવી હોય હું સુમીતને પુછીને તમને કહીશ. ત્યારબાદ સુમીત ધારીવાલાનો અમેરીકા ખાતે સંપર્ક કરતા તેણે ત્યારબાદ સ્વીકારેલ કે તમારા છોકરાની ફી ભુલથી ભરાઈ નથી અને મારા બેંક એકાઉન્ટમાં રીફન્ડ થયેલ છે. ત્યારબાદ પાર્થીવ પટેલ તથા સુમીત ધારીવાલને પોલીસ ફરીયાદ કરવાનું જણાપતા પાર્થીવ પટેલે મને સુમીત ધારીવાલાના ખાતાનો ૧૫.૪૪ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક મે જમા કરાવતા ખાતામાં રકમ ન હોય પરત થયો હતો. મે તથા મારા મિત્ર હરીવદનસિંહે ફીના નાણા પરત આપવા માટે વારંવાર કહેવા છતા આજદીન સુધી ફી પણ ભરેલ નહિ અને નાણા પણ પરત નહિ આપી ઠગાઇ કરી હતી.

# રાજકોટ સહિત રાજ્યના ૨૭૫ બારની ૨૦ ડિસેમ્બરે ચૂંટણી




તમામ વકીલ મંડળોને આજે ચૂંટણી અધિકારીની નિમણૂક કરવાનો છેલ્લો દિવસ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ સહિત રાજ્યના કુલ ૨૭૫ ૧૨ એસોસિએશનની ચૂંટણી ૨૦ ડિસેમ્બરના રોજ યોજાશે. બાર કાઉન્સિલર ઓફ ગુજરાતે સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો જેમાં રાજકોટમાં વકીલો દ્વારા ચૂંટણીની તૈયારીઓ પણ હવે શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી લડવાઈ ચૂક વકીલ તથા આગેવાનો દ્વારા મીટીંગોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ૧૨ કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે જે પટેલ તથા વાઇસ ચેરમેન મુકેશભાઈ કામદાર અને એક્ઝિક્યુટિવ કમિટીના ચેરમેન નલીનભાઈ પટેલે જણાવ્યું હતું કે તમામ ૧૨ એસોસિએશનમાં ચૂંટણી પ્રક્રિયાઓ પૂર્ણ થાય તે માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૪ ઓગસ્ટના રોજ અસાધારણ સભામાં સર્વાનો મતે ઠરાવ થયો હતો જેમાં તમામ ૧૨ એસોસિએશનમાં ૨૦ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજવા પર સંમતિ સાધવામાં આવી હતી.

દરેક બારે એસોસિએશને ૧૨ કાઉન્સિલ ઓફ ગુજરાતના નિર્દેશ મુજબ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી અને તેનું પાલન કરવું આવશ્યક છે કોઈપણ બાર એસોસિએશન પોતાની સામાન્ય સભામાં ઠરાવ કરીને બહારના હોદ્દેદારો કે તે કારોબારી સમિતિની નિમણૂક કરી શકશે નહીં એટલું જ નહીં ચૂંટણી પ્રક્રિયા ફરજિયાત રીતે હાથ ધરવાની રહેશે. બી તરફ વન બાય વન વોટ મુજબ જો કોઈ ધારાશાસ્ત્રી એક કરતાં વધુ જગ્યાએ મતદાન કરતા જણાવશે તો ગુજરાત બહાર એસોસિએશનના નિયમ અનુસાર તેમને ત્રણ વર્ષ માટે એસોસિએશનમાંથી બરતરફ કરી દેવામાં આવશે.

ચૂંટણી કમિશનરે જે તે બાર એસોસિએશનની મતદાન યાદી ફરજિયાત રીતે નિર્ધારિત નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે અને કોઈપણ ધારાશાસ્ત્રીને વાંધા અરજી આપવી હોય તો તે ચૂંટણી કમિશનરને અથવા તો બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીએ પુરાવા સાહિત્ય લેખિત જાણ કરવાની રહેશે. ૨૦ ડિસેમ્બરના રોજ ચૂંટણી અધિકારીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી જાહેર થયેલ પરિણામની બહાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીને જાણ કરાવી તથા પરિણામ અંગે કોઈ ઉમેદવારને વાંધો હોય તો ગુજરાત બહાર કાઉન્સિલ ના નિયમ અનુસાર દસ દિવસમાં અરજી મોકલવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

જે ધારાશાસ્ત્રીય ઓલ ઇન્ડિયા એક્ઝામિનેશન પરીક્ષા પાસ કરેલ ન હોય અથવા તો પ્રોવિઝનલ પેટ્રોલમેંટ મેળવેલ હોય તેવા કોઈ પણ ધારાશાસ્ત્રી આ ચૂંટણીમાં મત અધિકાર મેળવવા માટે હકદાર નથી ત્યારે નિર્દેશોનું પાલન જે પણ બાર એસો દ્વારા કરવામાં નહીં આવે તો તેમના ઉપર પણ કાયદાકીય પગલાં લેવામાં આવશે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને સમગ્ર ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જેમાં ૨૬ નવેમ્બરના રોજ મતદારયાદી નોટિસ બોર્ડ પર પ્રકાશિત થશે ત્યારે ૨૮ થી ૨૯ નવેમ્બર દરમિયાન જો કોઈ વાંધો હોય તો તે વાંધા અરજી ચૂંટણી કમિશનર સમક્ષ રજૂ કરવા માટેનો સમય પણ આપવામાં આવ્યો છે.

બીજી તરફ ૩૦ નવેમ્બર થી બે ડિસેમ્બર સુધી આખરી એટલે કે છેલ્લી મતદાર યાદી પ્રકાશિત થશે અને ઉમેદવારી કરવા માટે આવેદનપત્ર ભરવાની તારીખ ૨ ડિસેમ્બર થી ૬ ડિસેમ્બર સુધી નિર્ધારિત કરવામાં આવી છે. સાથોસાથ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવા માટે ૯ ડિસેમ્બર નો સમય નિર્ધારિત કરાયો છે જ્યારે ૧૦ ડિસેમ્બરના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ નક્કી કરવામાં આવેલી છે. ઉમેદવારી પાછી ખેંચાયા પછી ઉમેદવારોની આખરી યાદી ૧૧ ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ થશે અને ચૂંટણી ૨૦ ડિસેમ્બરના રોજ યોજાશે.

# મનપાની ૫૧મી વર્ષગાંઠ નિમિત્તે બોલીવુડ મ્યુઝીકલ નાઈટ

## ૧૯ નવેમ્બરના રોજ અવિસ્મરણીય કાર્યક્રમ : અમલ મલિક અને નિકિતા ગાંધી રાજકોટ વાસીઓને ડોલાવશે

**રાજકોટ મિરર તા.૧૫**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાપનાની ૫૧-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે ૧૯ નવેમ્બરના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ડી.એચ. કોલેજ ગ્રાઉન્ડ, ડો.યાજ્ઞિક રોડ ખાતે સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર અમાલ મલિક અને નિકિતા ગાંધી પ્રસ્તુત બોલિવૂડ મ્યુઝિકલ નાઈટ યોજાશે. વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિત 'મેયર એવોર્ડ' એનાયત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ રંગીલું રાજકોટ દિવાળી ઉત્સવ રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે.

રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદા જુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. રંગીલું રાજકોટ દરેક ઉત્સવ અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિ કે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ હોય કે પછી સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો કરતા અલગ બનાવે છે. રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાની ૫૧-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આગામી ૧૯ નવેમ્બરના , મંગળવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ડી.એચ.કોલેજ ગ્રાઉન્ડ, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર અમાલ મલિક અને નિકિતા ગાંધી પ્રસ્તુત ભવ્ય બોલિવૂડ મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

વિશેષમાં, વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિત 'મેયર એવોર્ડ' એનાયત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ રંગીલું રાજકોટ દિવાળી ઉત્સવ રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ પણ આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ




સ્થાને યોજાશે. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય સામાજિક અગ્રણી મૌલેશભાઈ ઉકાણી(બાન લેબ્સ)ના વરદ હસ્તે કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રામભાઇ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, ડો. દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઇ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, ઈ.ચા. કમિશનર પ્રભવ જોશી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકા અધિકારીઓ-કર્મચારીઓ, સંગઠનના હોદેદારો, પ્રેસ-મિડિયાના પ્રતિનિધિઓ તેમજ શહેરની સંગીત પ્રિય જનતા ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, ઇ.ચા. કમિશનર પ્રભવ જોશી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા શહેરીજનોને આ સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર અમાલ મલિક અને નિકિતા ગાંધી પ્રસ્તુત ભવ્ય બોલિવૂડ મ્યુઝિકલ નાઈટ માણવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

### સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર અમાલ માલિક તથા નિકિતા ગાંધીના ગીતોની ઝલક

- જબ તક તુજે પ્યાર સે
- મેં હૂં હીરો તેરા
- સોચ ના શકે
- બોલ દો ના જરા દિલ મેં જો હે છૂપા
- કોન તુજહે યૂં પ્યાર કરેગા
- મેં રહું યા ના રહું તુ મુજમે કહી બાકી રહેના
- તેરે પ્યાર મેં
- રાબતા
- ક્વાફિરાના
- જુગનુ

# વૃદ્ધાશ્રમનાં લાભાર્થે યોજાનાર રામકથા સ્થળે સેલ્ફી ઝોન બનાવાયો

## કથા મંડપમાં દૂર બેસેલા લોકો પણ પૂ. મોરારિબાપુના દર્શન કરી શકે એ માટે એલ.ઈ.ડી સ્ક્રીનોની વ્યવસ્થા






રાજકોટ તા. ૧૫

સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે યોજાનાર વૈશ્વિક રામકથા માનસ સદભાવનાની તૈયારીઓ નિમિત આયોજકો દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે. સુંદર વ્યવસ્થા કરવાનું આયોજન શરૂ થઇ ગયું છે. આ સાથે અલગ- અલગ સમિતિના સ્વયંસેવકોએ પોતાની જવાબદારી ખુબજ કાળજી પૂર્વક નિભાવી આ પ્રસંગને એક ભવ્યાતિભવ્ય ઉત્સવ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. વિવિધ કાર્યો માટે અલગ અલગ પ્રકારની સમિતિઓ જેવી કે પાર્કિંગ સમિતિ, મેડીકલ સમિતિ, સ્વચ્છતા સમિતિ, સેવા કાર્યોનાં મેનેજમેન્ટ કરવા માટેની સમિતિ, મંડપ ડેકોરેશન સમિતિ, પાણી વ્યવસ્થા સમિતિ, ભોજન વ્યવસ્થા સમિતિ તેમજ ઉતારાની ચા નાસ્તા સમિતિ બનાવવામાં આવી છે. વૈશ્વિક રામકથા માટે રેસકોર્સ ગ્રાઉન્ડમાં તૈયારીઓ શરુ થઇ ચુકી છે. કથા શ્રવણ કરવા આવનાર લોકો માટે સેલ્ફીઝોન પણ બનાવવામાં આવ્યો છે. પોતાના નામજોગ લોકો વિડીયો સંદેશ અને આમંત્રણ આપી શકશે તેવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દરરોજ ૫૦ હજાર લોકો ભોજન પ્રસાદ લેશે એ માટે ખાદ્ય પદાર્થોની યોગ્ય ચકાસણી તેમજ સફાઈનું પૂરતું ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત ભોજનનો બગાડ ન થાય અને ભોજન ખંડમાં ગંદકી ન સર્જાય તે માટે સતત સફાઈની તકેદારી રાખવામાં આવશે. આશરે ૨૦૦ જેટલા રસોયાઓ સેવા આપશે અને ૨૦૦ જેટલા ભોજન પીરસનારા સ્વયંસેવકો કાર્યરત રહેશે.

અલૌકિક કથાનો રસપાન કરતા રામભક્તોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા ગાદલા, તકિયા, ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરવામાં આવી રહી છે તેમજ રામભક્તો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો વીડિયો સિસ્ટમની ગોઠવણી કરવામાં આવશે. આ ઉપરાંત કથા મંડપમાં દૂર બેસેલા લોકો પણ પૂ. મોરારિબાપુના દર્શન કરી શકે અને શ્રોતાઓને કથા શ્રવણનો સંપૂર્ણ લાભ મળી રહે તે માટે કથા મંડપ વચ્ચે વિવિધ ખંડોમાં શક્ય તેટલી એલ.ઈ.ડી. સ્ક્રીન પણ લગાવામાં આવશે. આ વૈશ્વિક રામકથા વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે તેમજ સૌ આબાલ વૃધ્ધો માટે આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ આપવાનું વિશેષ આયોજન છે.

વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ સદભાવનાનું આયોજન કરાયુ છે. ૨૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. જેમાં ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓ, દરેક સ્તરનાં કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.

સદભાવના વૃદ્ધાશ્રમનની કામની પ્રણાલીની વાત કરવામાં આવે તો તે અનેરી છે.સામાજીક કે શારીરીક રીતે અશકત હોય તેવા કોઈપણ ઉંમરના વ્યકિતઓને સદભાવના વૃધ્ધાશ્રમ, નાતજાત કે ધર્મના ભેદભાવ વગર, હરખભેર આવકારે છે. જો કોઈ નિરાધાર, નિઃસહાય, પથારીવશ કે બીમાર વ્યકિત ધ્યાનમાં આવે,તો તેને સદભાવના વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી શકાય છે. આ માટે સદ્ભાવના વૃદ્ધાશ્રમ અમારે માવતર જોઈએ છે તેવી અનોખી પહેલા ચલાવે છે.

નિસંતાન, નિરાધાર, અપરિણત અને પથારીવશ વડિલો જયારે પોતાનાં રહયાં સહયાં જીવનને અભિશાપ ગણતા, દિવસો વિતાવતા હોય, તેવા એકલવાયા લોકો સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારના સભ્ય બન્યા પછી આયખાંના બાકી રહેલા દિવસો સુખ-શાંતિ અને હર્ષથી વિતાવતા, ચહેરા પર સ્મિત ધારણ કરેલા જોવા મળે છે. જે સદભાવના વૃધ્ધાશ્રમ માટે સંતોષની ચરમસીમા સમું દ્રશ્ય છે. અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વૃદ્ધોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે.

સેવાની ભાવના સમાજમાં વધુ પ્રસરે અને એ દ્વારા લોકો પોતાના માતા પિતાની પણ સેવા કરતા થાય એવા શુભ કાર્યમાં જોડાવવા સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમમાં હાલમાં પણ ૬૫૦ વડીલો છે જેમાં ૨૦૦ વડીલો ડાઈપર પર(પથારીવશ) છે. સમગ્ર ભારતમાંથી આવતા નિ;સંતાન, નિરાધાર વડીલોને ના ન પાડવી પડે તેવા ઉમદા અને પવિત્ર આશયથી વધુમાં વધુ વડીલોનો સમાવેશ કરી શકાય તે માટે નવું સદભાવના વૃદ્ધાશ્રમ બનાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

વૃક્ષો અને વૃદ્ધો બંને છાયા આપે છે. વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર-૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા માનસ સદ્ભાવના યોજાનાર છે. કથાનો સમય ૨૩ નવેમ્બરે સાંજે ૪ થી ૬:૩૦ વાગ્યા સુધી અને ૨૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ સુધીનો છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# મીઠા-મીઠા દર્દ

## દુનિયામાં ભારત અને ભારતમાં ગુજરાત ડાયાબિટીસની રાજધાની જીવનશૈલીને બ્રેક અનિવાર્ય




આજે આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ છે. સહનશીલતાને જરૂરી ગણાવાઇ છે. સહનશક્તિ વધારવા ધૈર્ય-ઉદારતા-જતું કરવાની ભાવના વગેરે ગુણો હોવા જોઇએ. જો કે, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ પ્રમાણે જીવનમાં દરેક લક્ષણ-સંસ્કાર બેલેન્સ હોવા જોઇએ. સહનશક્તિ પણ માપે હોવી જોઇએ. અકારણ સહન કર્યે રાખવાથી જિંદગી લાચાર અને અન્યાયવાળી બની જાય છે.

ભારતમાં વધારે પડતી સહનશક્તિ રાષ્ટ્રીય સમસ્યા જેવી બની ગઇ છે. પ્રાથમિક જરૂરિયાતો હવા-પાણી-ખોરાક પણ શુધ્ધ પ્રાપ્ત થતા નથી. આ અંગેના કાયદા નબળા અને અમલ ખૂબ નબળો છે. આ કારણે જનસમુદાયના આરોગ્ય બગડી ગયા છે. પણ, જીવલેણ જેવી સમસ્યા છતાં કોઇ અવાજ ઉઠાવતું નથી.

વર્લ્ડ ડાયાબિટીસ-ડે નિમિત્તે જાહેર થયેલા લાન્સેટ રિપોર્ટ પ્રમાણે વિશ્વમાં ૮૨ કરોડથી વધારે લોકો ડાયાબિટીસ પીડિત છે. ભારતમાં ૨૧ કરોડ લોકોને ડાયાબિટીસ છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં સૌથી વધારે ડાયાબિટીસના દર્દીઓ ગુજરાતમાં છે. આપણા માટે આ ચેતવણીરૂપ માહિતી છે.

પ્રતિ વર્ષ ડાયાબિટીસ-ડે નિમિત્તે માધ્યમોમાં દર્દીઓની સંખ્યા તથા ડાયાબિટીસથી બચવાના ઉપાયો પ્રકાશિત-પ્રસારિત થાય છે. પરંતુ, દર્દીઓની સંખ્યા વધતી જ જાય છે.

ઘણાં લોકો ડાયાબિટીસથી બચવા ખાંડ ગળ્યો પદાર્થો બંધ કરી દે છે. વાસ્તવમાં માત્ર ખાંડથી જ ડાયાબીટીસ થતી નથી. એ મુખ્યત્વે પાચનનો રોગ છે. અપચો, અપુરતી ઉંઘ, તનાવયુકત માનસ અને ભેળસેળીયો-ઝેરી ખોરાક ડાયાબીટીસના મુખ્ય કારણો છે. આ સમસ્યા વારસાગત પણ છે. ઘણાને તો જન્મથી જ ગીફટ મળે છે.

આપણે સુખી સમૃધ્ધ બનવા પાછળ દોટ મુકીએ છીએ. આ દોટના નશામાં જીવનશૈલી ઠેકાણા વગરની બની જાય છે. દોટ લગાવનારા બે-પાંચ ટકા લોકો કદાચ સમૃધ્ધ થઈ જતાં હશે. પણ સમૃધ્ધિમાંથી સુખની પ્રાપ્તિ કરવા મોટાભાગનાં લોકોના શરીર સક્ષમ રહેતા નથી. જિંદગી ભર દોડાદોડી કરીને માંડ બે પાંદડે થયેલો માણસ છે. પાંદડાનુસં સુખ ભોગવી શકે છે ? ખાધે-પીધે સુખી થાય ત્યાં ડોકટર ખાંડ-ગળ્યું ખાવાની મનાઈ કરી દે છે. ઘરનું વાહન કરીદવા સક્ષમ થાય ત્યાં ડોકટર ચાલવાની-સાયકલીંગની સલાહ આપે છે. ઘરમાં ઉત્તમ પથારી બની, પણ શરીરમાં વિવિધ દર્દોના કારણે ઉંઘ હરામ થઈ ગઈ હોય છે.

આવી સમૃધ્ધિનો મતલબ ખરો ? આ કારણે ભારતીય શાસ્ત્રોમાં પ્રથમ સુખ આરોગ્યને ગણ્યું છે. માણસ યોગી હોય, ભોગી હોય કે ત્યાગી હોય આરોગ્ય સારું હશે તો જ યોગ-ભોગ કે ત્યાગ કરી શકશે. આરોગ્યને પ્રાથમિક્તા આપવાનો આ સમય છે.

ખોટી દોડને બ્રેક મારો જીવન શૈલી અને મનઃસ્થિતિમાં પરિવર્તન લાવો. હવા-પાણી-ખોરાક શુધ્ધ થાય તેવા મુદ્દાને મહત્વ આપીને મતદાન કરો. મોટાભાગના સુખી લોકો ડોકટરને મોજ કરાવવા જ સુખી થયેલા હોય તેવું દેખાશે.

!! લાખ રૂપિયાની વાત !!
બુટમાં પડેલ કાકરાને, જ્યાં સુધી નહિ કાઢીએ ત્યાં સુધી એ દુઃખ સે જ, એવી જ રીતે દુઃખી કરતી વાતો અને દુઃખી કરતી વ્યક્તિને મન માંથી નહીં કાઢીએ ત્યાં સુધી એ તકલીફ આપતી જ રહેશે.

પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રાજકોટ નાગરિક બેંક: આ વિખવાદ કોઈ રોકો



ખબર ની KHABAR



કૌશિક મહેતા

રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણી થવા જઈ રહી છે. ૧૯૯૫-૯૬ પછી પહેલીવાર ચૂંટણી થવા જઈ રહી છે. સમસ્યા એ નથી પણ જે રીતે ચૂંટણી થઇ રહી છે એ ચિંતાજનક છે. આવું ક્યારેય નાગરિક બેન્કના ઇતિહાસમાં બન્યું નથી. અને એ કારણે બેન્કની જે શાખ બની છે એને નુકસાન થઇ રહ્યું છે. કોઈએ આ વિખવાદ અટકાવવાની જરૂર છે. એકવાર મનભેદ થાય પછી વાતાવરણ બગડતું જાય છે. અને સહકારી બેંકનું નાક છે રાજકોટ નાગરિક બેંક એમાં કઈ અનિચ્છનીય બને એ સારી નિશાની નથી.

ગુજરાતમાં ઘણી બધી સહકારી બેંકો છે અને ગુજરાતનું સહકારી માળખું મજબૂત ગણાય છે. કેટલાક કિસ્સા બન્યા છે જેમાં ગેરરીતિઓ થઇ પણ મહદઅંશે આ ક્ષેત્રને લુણો લાગ્યો નથી. અલબત ઘણી બધી બેંકોમાં રાજકારણ ઘૂસ્યું અને એ કારણે સમસ્યાઓ આવી. કેટલાક કૌભાંડો પણ થયા. રાજકોટ નાગરિક બેન્કને લાગેવળગે છે ત્યાં સુધી આ બેન્કની ઈમેજ આજ સુધી અકબંધ રહી છે. એમાં ગાબડું પડે એ કોઈને પાલવવું ના જોઈએ.

રાજકોટ નાગરિક બેન્કનો ઈતિહાસ રોચક છે અને એની શરૂઆતનાં ત્રણેક દાયકાઓ સુધી તો એમાં કયાંય રાજકારણ પણ આડે આવ્યું નહોતું. ૧૯૫૩માં એની શરૂઆત થઇ ત્યારે નગર શ્રેષ્ઠીઓ હતા. ફૂલછાબ દૈનિકની ઓફિસમાં એની પ્રાથમિક બેઠકો થઇ હતી. પહેલા ચેરમેન બન્યા હતા કેશવલાલ અમૃતલાલ પારેખ ને એમડી હતા જન્મશંકર અંતાણી. રૂ. ૪૮૯૦નાં ભંડોળથી એની શરૂઆત થઇ હતી. એ પી મહેતા, પ્રાણલાલ જોશી, જયમલ પરમાર જેવા અગ્રણીઓ એના પાયામાં હતા. હા, ત્યારે જનસંઘ કે ભાજપનો જન્મ થયો નહોતો. કોંગ્રેસની બોલબાલા હતી. પણ બેંકમાં રાજકારણનો અભાવ રહ્યો હતો. પણ ૧૯૬૬ આસપાસ બેન્કમાં નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદો થયા આજે જેમ થયા છે એમ જ. અને ત્યારે ચીમનભાઈ શુક્લ અને પછી અરવિંદ મણિયાર દાખલ થયા.

અરવિંદ મણિયારનાં આવવાથી બેન્કની પ્રગતિ સડસડાટ થવા લાગી. ૧૯૬૯થી ૧૯૭૫સુધિ એ ચેરમને રહ્યા અને બાદમાં ૧૯૮૩માં પણ ચેરમને બન્યા હતા. અને પછી યુવાનોએ સુકાન સોંપવું જોઈએ એમ કહી અરવિંદભાઈએ બેન્કનું પદ છોડ્યું હતું. બેન્કની આ ગરવાઈ હતી. વજુભાઈ વાળા, કેશુભાઈ પટેલ, વસંતભાઈ ખોખાણી, શશીકાંત મહેતા, શિવલાલ વેકરીયા જેવા મહાનુભાવોએ આ બેન્કને આગળ લઇ જવામાં યોગદાન આપ્યું છે.

અરવિંદ મણિયારને આજે ય બેન્કમાં યાદ કરવામાં આવે છે. અરે! બેંક જ નહિ પણ રાજકોટ શહેરના વિકાસમાં પણ એમનો ફાળો અનન્ય રહ્યો છે. એ ચેરમેન હતા ત્યારે સભાસદ હા, ૧૧, ૪૬૨ અને આજે છે ત્રણ લાખ. બેન્કની ૩૮ શાખા છે કૂલ શેર ભંડોળ ૬૯૩ કરોડ છે. ડીપોઝીટ ૫૧૦૦ કરોડથી પણ વધુ છે. બેંક ૧૦૦ કરોડનો નફો કરતી હતી. આજે નેટ પ્રોફિટ ૭૩ કરોડ છે અને ૦.૯૫ એનપીએ છે. ૧૯૮૮થી શીડ્યુઅલ બેંક બની અને ૨૦૨૧થી મલ્ટીસ્ટેટ બેંક. સૌરાષ્ટ્રની આ પહેલી સહકારી બેંક આજે આદર્શ ગણાય છે.

બેન્કમાં ૧૯૯૬-૯૭માં ચૂંટણી થઇ હતી. બાકી બિનહરીફ ચૂંટણી થતીં આવી છે. ૧૯૯૬માં શુક્લ પરિવારના સભ્યોએ ચૂંટણીમાં ઝુકાવ્યું હતું પણ કોઈ ખટાશ આવી નહોતી. પણ આ વેળા બેન્કના બે જૂથ પડી ગયા છે. અને માહોલ એવો ઉભો કરી દેવાયો છે કે, મામા ભાણેજ વચ્ચે જંગ છે. અને સૌથી મહત્વની વાત તો એ છે કે, મતભેદો કે મનભેદો ભ્રષ્ટાચારના મુદ્દે છે. બંને પક્ષ આમને સામને આક્ષેપો કરે છે. કોઈ કહે છે જુનાગઢ બ્રાંચમાં ગરબડ થઇ છે, કોઈ કહે છે કે, મુંબઈ બ્રાંચમાં. એમાં કોંગ્રેસે પણ કુદાવી દીધું છે. આક્ષેપ એવો થઇ રહ્યો છે કે, ડેલીગેટની પસંદગી પણ મનસ્વી રીતે થાય છે અને એટલે બેંકમાં સત્તા એક જૂથની જ રહે છે. સંકેત ભાજપ આરએસએસ તરફ છે. અને એ વાત સાવ ખોટી ય નથી.

મહત્વની વાત એ છે કે, બેન્કમાં ક્યારેય કોઈ ગેરરીતીની વાતો સંભળાતી નહોતી. હવે સંભળાઈ રહી છે. છેલ્લા થોડા સમયથી બેંક બચાવો જૂથ સક્રિય થયું હતું. પછી કેટલાક ખુલાસા બેંક દ્વારા થયા અને વિરોધી જૂથ લગભગ શાંત પડી ગયું. પણ ચૂંટણી આવી કે તુરંત બે ફાંટા પડી ગયા. અને

આક્ષેપબાજી થઇ રહી છે. એક તરફ જ્યોતીન્દ્ર મહેતા જૂથ છે તો સામે કલ્પક મણિયાર જૂથ. એટલે કે મામા- ભાણેજ. આવી રીતે કોઈ ચૂંટણી ઓળખાય એ સારી નિશાની નથી. પણ જે રીતે આ ચૂંટણીમાં ભાજપના વરિષ્ઠ નેતા સુરેન્દ્ર પટેલ એટલે કે સુરેન્દ્રકાકા મેદાનમાં આવ્યા અને એમના નામે ફોર્મ ભરાય એનો મતલબ એવો થયો કે, હવે બેન્કનો પ્રશ્ન રાજકોટ પુરતો રહ્યો નથી. વાત છેક દિલ્હી દરબારમાં પહોચી છે. અને કોઈ પણ હિસાબે હાથમાંથી બેંક ના જવી જોઈએ એવું નક્કી છે. તો વાત સંઘના દરબારમાં પણ પહોચી છે. અને ચૂંટણીમાં સંઘના આગેવાનો તો છે જ.

પણ એક બીજા સામે પડ્યા છે એ બધાએ એ સમજવું જોઈએ કે, નાગરિક બેંક નાના માણસોની મોટી બેંક તરીકેની ખ્યાતી ધરાવે છે. જેમ રિલાયંસનાં શેર જેમણે શરૂઆતમાં ખરીદેલા અને એની કમાણીમાંથી ઘરના લગ્ન પ્રસંગો થાય એમ જ નાગરિક બેંકની લોન મેળવી ઘણા લોકો ધંધેધાપે પગભર થયા છે. રાજકોટનાં વેપાર ઉદ્યોગના વિકાસમાં બેન્કની ભૂમિકા બહુ મહત્વની રહી છે. આવી શાખ વચ્ચે ચૂંટણી ખટાશભર્યા વાતાવરણમાં થઇ રહી છે એ શોભનીય નથી.

અને આવું એટલે બની રહ્યું છે કારણ કે, બંને જૂથ વચ્ચે સેતુ બને એવા વડીલ રહ્યા નથી. અરવિંદભાઈ પણ નથી અને પ્રવીણકાકા પણ નથી. એવા કોઈ વડીલ હોત તો આ ઝગડા થયા ના હોત. વજુભાઈ વાળા છે, શિવલાલ વેકરીયા છે પણ એમની વડીલગીરી અહી કામ આવે એમ નથી. અમને તો રાજકોટની વિજય બેંક યાદ આવે છે. એક સમય એવો હતો કે, વિજય બેંકની આર્થિક સ્થિતિ બહુ ખરાબ થઇ હતી અને બેંકએ તાળા લાગે એવી સ્થિતિ હતી. અને ત્યારે રાજકોટ નાગરિક બેંક દ્વારા જ વિજય બેંકને એક પ્રકારે દત્તક લઇ એને બેઠી કરાઈ હતી અને આજે વિજય બેંક સધ્ધર છે. પણ રાજકોટ નાગરિક બેંકમાં સમસ્યા થઇ છે. આ સમસ્યા દૂર થવી જ જોઈએ. ચૂંટણીમાં કોણ જીતશે એ બધા જાણે છે. પણ દૂધમાં લીંબુનાં બે ટીપાં પડી ગયા છે. દૂધ ફાટી ગયું છે એનું શું? વિજય બેન્કને રાજકોટ નાગરિક બેન્કે બચાવી હતી પણ રાજકોટ નાગરિક બેન્કને કોણ બચાવશે?

### હડીયાહડી કરતાં હવસખોરો ગમે ત્યારે ગમે તેને બનાવે છે શિકારઃ વિકૃતીયાઓથી બચતા રહો

# બળાત્કારનો પ્રયાસ કરનારા ડોસાના ગુપ્તાંગ પર છરી ઝીંકાઇ

## વીસ વર્ષની યુવતિને તારુ કામ છે, મદદ કર ને કહી સાંઇઠ વર્ષના ભીખાડોસાએ ઘરમાં બોલાવી હડી કાઢી દરવાજો બંધ કરી દીધુઃ નગ્ન થઇ ચાળા કરતાં યુવતિએ કર્યો સામનોઃ લોહીલુહાણ થઇ જતાં સારવારમાં ખસેડાયોઃ યુવતિની આબરૂ બચી ગઇ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૫

હલકટ દિમાગ ધરાવતાં લેભાગુ વિકૃત હવસખોરો ગમે ત્યારે પોત પ્રકાશી પોતાનો અસલી રંગ દેખાડતા હોય છે. સમાજની વચ્ચે જ રહેતાં આવા હવસખોરોને ઓળખવા પણ મુશ્કેલ હોય છે. અવાર-નવાર ચોંકાવનારી ઘટનાઓ સામે આવતી રહે છે. તાજેતરમાં રાજકોટમાં એક વિકૃત ડોસાએ ભાડાની રૂમ બતાવવાના બહાને જે મહિલાને રૂમ ભાડે રાખવી હતી તેણીને બથ ભરી લઇ તું એગ્રી થઇ જા તો રૂમ તારા નામે કરી દઉ કહી ચાળા કર્યા હતા અને તેની માસુમ દિકરી સાથે પણ બિભત્સ હરકતો કરી હતી. ત્યાં વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં સાંઇઠ વર્ષના બાપાએ વીસ વર્ષની યુવતિને મદદના બહાને પોતાના ઘરમાં બોલાવી દરવાજો બંધ કરી દઇ નગ્ન થઇ બળાત્કારનો પ્રયાસ કર્યો હતો. પણ યુવતિએ સમયસુચકતા વાપરી આ ડોસાના ગુપ્તાંગ પર છરી મારી દીધી હતી અને પોતાની આબરૂ બચાવી લીધી હતી.

આ ચોંકાવનારી ઘટનાની વિગતો જોઇએ તો ઘટના વડોદરાના પાદરા તાલુકાના એક ગામમાં બની છે. પરંતુ આ ઘટના હાલના સમયમાં હવસખોરો કેટલી હદ સુધી જઇ શકે છે અને કેવા કેવા સ્વરૂપે સામે આવતાં હોય છે તેની પ્રતિતી કરાવે છે. ગામમાં રહેતી વીસ વર્ષની યુવતીને મદદના બહાને પોતાના ઘેર બોલાવી સાંઇઠ વર્ષના વૃધ્ધ બળાત્કારનો પ્રયાસ કરતાં યુવતીએ પોતાની આબરૂ બચાવવા ધારદાર ચપ્પુ આ હવસખોર ડોસાના ગુપ્તાંગ પર મારી દઇ લોહીલુહાણ કરી નાંખ્યો હતો અને પોતે ભાગી છુટી હતી. આવી હાલતમાં ડોસો હોસ્પિટલમાં પહોંચતા તેના કરતુતોનો પર્દાફાશ થયો હતો.

પોલીસે જાહેર કરેલી વધુ માહિતી અનુસાર વીસ વર્ષની યુવતીએ ધોરણ બાર સુધી ભણેલી છે. સવારે ઘેરથી ભેંસોનું વાંસીદુ ભરીને ખેતરમાં નાંખવા માટે ગયા બાદ ત્યાંથી ત્રણ-ચાર ખેતર નજીક આવેલ તલાવડીની પાળે માટી લેવા માટે ગઇ હતી. દરમિયાન તલાવડીની પાળે સાંઇઠ વર્ષનો ભીખા મણીભાઈ ચૌહાણ ઘરની નજીક ઉભો હતો તેણે યુવતીને બોલાવી કહેલ કે તારુ કામ છે તુ મારા ઘરની અંદર આવ. યુવતી આ ડોસાને કંઇક મદદની જરૂર હશે તેમ સમજી સારા વિચાર સાથે તેની સાથે તેના ઘરની અંદર ગઇ હતી.



### બીજા બનાવમાં સત્તર વર્ષની સગીરાને પ્રેમમાં ફસાવી લાલચ દઇ ઢગાનું દૂષ્કર્મ

પરંતુ ઘરમાં જતાં જ આ ડોસાએ વિકૃતની હદ વટાવી હતી અને તરતજ દોડીને દરવાજો બંધ કરી દીધો હતો. તેમજ યુવતિ કંઇ સમજે એ પહેલા પોતાના તમામ કપડા કાઢીને નગ્ન થઇ ગયો હતો. આવુ જોઇને યુવતિ ડઘાઇ ગઇ હતી. પણ તે કંઇ સમજે એ પહેલા આ ભીખાએ તેણીને પકડવા બળજબરી કરી હતી અને બળાત્કાર ગુજારવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ચપળ યુવતી ડોસાના હાથમાં આવી ન હતી અને તે ગભરાઇને છટકવા જતી હતી ત્યારે ઘરની અંદર પડેલું ધારદાર ચપ્પુ યુવતીના હાથમાં ગયું હતું. આ વખતે પણ ડોસાએ ઝપાઝપી ચાલુ રાખતાં યુવતિએ તેના ગુપ્તાંગ પર ચપ્પુ મારી દીધુ હતું.

ડોસો સંપુર્ણ નગ્ન હાલતમાં જ હોઇ તેના ગુપ્તાંગ ઉપરથી લોહી નીકળવા લાગ્યું હતું. ઝપાઝપીમાં ભીખાડોસાનો મોબાઇલ નીચે પડી જતા તે મોબાઇલ લઇને યુવતી ઘરનો દરવાજો ખોલીને બહાર નીકળી બૂમાબૂમ કરી હતી. પરંતુ ઘટનાસ્થળે કોઈ હાજર ન હોય યુવતી રોડ પર પહોંચીને પોલીસને ફોન કરી પોતે હરસિધ્ધિ માતા મંદિરે જતી રહી હતી. ઉપરોક્ત વિગતો અંગેની ફરિયાદ વડુ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દૂષ્કર્મના બીજા એક બનાવમાં સગીરાને તેની પડોશમાં રહેતા યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્નની લાલચ આપીને અલગ અલગ જગ્યાએ ફેરવી હતી. ત્યાર બાદ એક મહિના અગાઉ યુવકનો જન્મદિવસ હોવાથી યુવક સગીરાને રિવરફ્રન્ટ લઈ ગયો હતો અને તેની સાથે શારીરિક અડપલા કર્યા હતા. ત્રણ દિવસ અગાઉ પણ યુવકે સગીરાને રાત્રે મળવા બોલાવી હતી અને પોતાના ઘરે લઈ જઈ ઘરમાં દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે સગીરાની માતાએ યુવક વિરુદ્ધમાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધવતા પોલીસે તપાસ શરૂ કરી છે. માધુપુરામાં રહેતી સત્તર વર્ષની સગીરા તેના માસીના ઘરે ફરવા ગઈ હતી. ત્યાર બાદ રાત્રે તે સોડા લેવાનું કહીને અચાનક ગાયબ થઈ ગઈ હતી. બીજા દિવસે સવારે સગીરા ઘરે પરત કરી હતી, ત્યારે ઘરવાળાઓએ સગીરાની પૂછપરછ કરી ત્યારે પરિવારને ચોકવનારી વિગત જાણવા મળી હતી. વધુ માહિતી મુજબ સગીરાની નજીકમાં રહેતા ફૈઝલ કચ્છી નામના યુવક ખાતે છેલ્લા બે વર્ષથી વાતચીત થાય છે. ફૈઝલે અવારનવાર લગ્નની લાલચ આપીને સગીરાને અલગ અલગ જગ્યાએ ફરવા લઈ જતો હતો. એક મહિના પહેલા જન્મદિવસ હોવાથી રિવરફ્રન્ટ પર આવેલા અટલબ્રિજ ઉપર સગીરાને ફરવા લઈ ગયો હતો અને સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. ત્યાર બાદ એક દિવસે રાતના સમયે સગીરાને બહાર બોલાવી ફૈઝલ તેના ઘરે લઈ ગયો હતો અને સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. સગીરાએ આ અંગે પરિવારને જાણ કરતા પરિવારે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફૈઝલ વિરૂદ્ધમાં પોસ્કોની ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.

શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ગુરુ નાનક

## ગુરુ નાનકજી સ્વયં એકેશ્વરવાદી છે પણ તેમનો ધર્મ દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો



હિન્દુ પંચાગ મુજબ તા ૧૫ થી ૧૬ સુધી દેવ દિવાળી છે, એટલે ફટાકડાના અવાજો ચારે બાજુથી આવે છે, અને વાતાવરણમાં પણ દારૂખાનાની સુગંધ પ્રસરી ગઇ છે. દેવ દિવાળી એટલે કે આજે પણ કાર્તિકિય પૂર્ણિમા, અને ગુરુ નાનક જયંતિ છે. ગુરુનાનક એક ઉચ્ચતમ સાધુ ચરિત્ર ધરાવતા હતાં,ગુરુનાનક શીખ ધર્મના પ્રથમ પ્રણેતા એટલે કે ૧૦ ગુરુ પરંપરાના પહેલા ગુરુ હતા. તેઓ સંન્યાસના વિરોધી હતાં, અને સંસારીઓને સંસારમાં રહીને જ ઈશ્વરને અનુભવવાનો હોય એવો સતત અનુરોધ કરતા હતાં. તેઓ બહુ નાની ઉંમરથી જ અધ્યાત્મવાદી હતાં, અને તેમણે સમાજના કુરિવાજો સામે બંડ પોકાર્યો હતો. શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિનું ખૂબ જ મહત્વ છે, અને હોવું પણ જોઈએ. કારણ કે માનવીને જે સાધુતાના પથ પર દોરી જાય એ જ તો મહાન છે. બાપુ કહે છે તેમ સમાજ હંમેશા જીવંત સાધુ ચરિત્રને સ્વીકારી શકતું નથી, પરંતુ તેમના ચાલ્યાં ગયાં બાદ લોકો તેને પૂજે છે. કારણકે એની સત્યનિષ્ઠાથી સામેનો સમાજ પોતાના અસ્તિત્વને જોખમમાં મુકાયેલો જોતો નથી. પણ આવા ચરિત્રો જ આપણામાં સાધુતાની ઈફેક્ટ ઉભી કરી શકે, અને થોડીઘણી સાધુતાની અસર આપણામાં થાય તો જીવન સુધરી જાય. હાલના સમાજની સમસ્યા એ છે કોઈના દુઃખ જોઈ સહાનુભૂતિ થાય, પરંતુ કોઈની, પ્રગતિ, સફળતા, કે તેનું સુખ જોઈને આપણે સુખી થઈ શકતા નથી, એ ભારતીય સમાજની સૌથી મોટી કમજોરી છે. જેને કારણે સમાજ અસંતોષી બનતો જાય છે, અને એમાં સતત ઈર્ષા, નિંદા, ચોરી, લૂંટ, હિંસા જેવા દૂષણો વધે છે, આ બધું સાધુ થવામાં બાધારૂપ છે. તો શીખ ધર્મના પ્રણેતા એવા ગુરુ નાનકજીને યાદ કરી એમનાં જીવન ચરિત્ર વિશે થોડી વાત કરીશું.

એક ૐકાર એક સતનામનો જયઘોષ કરનારા ગુરુ નાનકનો જન્મ ઓક્ટોબર ૧૪૬૯ના રોજ ૧૫ નવેમ્બર કાર્તક સુદ પૂનમની તિથિએ લગભગ એક વાગ્યાને ચાલીસ મિનીટે પાકિસ્તાનના શેખુપુરા જીલ્લાના રાઈભીડીંના તલવંડી ખાતે થયો હતો, આજે ગુરુ નાનકની ૫૫૩ મી જન્મ જયંતી છે. ગુરુનાનક એ શીખ ધર્મના સંસ્થાપક હતા. શીખ લોકો આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે, શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિથી મોટો કોઇ જ તહેવાર માનવામાં આવતો નથી. ગુરુનાનક એ ખૂબ જ ઉમદા વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ હતા. તેઓ એક સારા કવિ પણ રહી ચૂક્યા છે. તેમણે એક જ ઈશ્વર હોવાની વાત કરી હતી, અને તેઓએ ઈશ્વર વિશે જે કાંઈ કહ્યું છે, તેને શીખ લોકો ગુરુવાણી કહે છે, અને ગુરુદ્વારામાં આ ગુરુવાણીનું ગાયન સતત થતું રહે છે. તેમણે શીખોને ત્રણ વસ્તુનો આદેશ કે શીખ આપી. એક જ ઈશ્વરની આરાધના કરવી, સમાજના નાના માણસોની સેવા કરવી,ને અન્યની કોઈ રીતે મદદ કરવી, ને દાન કરવું. મોટા મોટા શીખ લોકો પણ ગુરુદ્વારામાં જે લંગર થતું હોય ત્યાં પિરસવાનુ અને અન્ય કામગીરી કરતાં જોવા મળે છે.આ પ્રથા શરૂ થઈ એની માટે પણ એક કહાની તેની સાથે જોડાયેલી છે.

પિતાએ નાનકને વીસ રૂપિયા આપીને કોઈ લાભનો સોદો કરી આવવાનું કહ્યું. નાનક પોતાના મિત્ર બાલાને લઈને નીકળ્યા. કેટલાક ગાઉ ચાલ્યા તો સાધુઓની એક મંડળી મળી જે ત્રણ-ચાર દિવસથી ભૂખ્યા હતા. નાનકે વીસ રૂપિયાની ભોજન સામગ્રી લાવીને ભૂખ્યા સાધુઓને ભોજન કરાવી તેમનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા,અને આ પ્રસંગને સચ્ચા સૌદા કહેવામાં આવે છે, આજે ત્યાં વિશાળ ગુરુદ્વારા છે. નાનક ઘરે ગયા તો પિતાએ હકીકત જાણી અને ક્રોધથી નાનકને તમાચો મારી દીધો. આ જોઈને એમની બહેન ખૂબ જ દુઃખી થઈ હતી.બસ ત્યારથી લંગર પ્રથાને શીખ ધર્મમાં સ્થાન મળ્યું.લંગર એ શીખ ધર્મને ઉજાગર કરતી એક અનન્ય પ્રથા છે, જેમાં ગુરુદ્વારામાં પ્રસાદની વહેંચણી કરવામાં આવે છે. કે પછી ક્યારેય, કોઈ તહેવાર કે કુદરતી કે અન્ય આફતના સમયે અન્ય જગ્યાએ પણ થાય છે. શીખ ધર્મમાં ૧૦ ગુરુ ઓની વાત છે, જેમાં પ્રથમ ગુરુ તરીકે ગુરુનાનકને સ્થાન મળ્યું છે. સામાન્ય રીતે ભારતના પંજાબ પંથકમાં શીખ લોકો રહે છે, પરંતુ હવે તો કામ અને ધંધાર્થે દરેક રાજ્યોમાં તેનો વાસ છે,આથી દરેક જગ્યાએ આ તહેવારની ઉજવણી થાય છે, અને ગુરુદ્વારામાં એ દિવસે ખૂબ જલસા જેવું વાતાવરણ હોય છે. ગુરુ નાનકને એક શિષ્ય નામ મર્દાના હતું, એટલે જ્યારે કોઈ ઈશ્વર સમીપ લઈ જતી વાત તેને સમજાય, ત્યારે તે ગાઈને એ વાત કહેતા, અને મર્દાનાને કહેતા, મર્દાના છેડ, એટલે કે રાગ છેડ.પાગલ શબ્દનો અર્થ પણ તેમણે ખૂબ સરસ કર્યો છે, પંજાબીમાં ગલ એટલે વાત, અને માનવીય જીવનમાં મુખ્ય વાત તો ઈશ્વરને પ્રાપ્ત કરવાની જ છે, આથી પા ગલ એટલે જેણે ગલ ને પ્રાપ્ત કરી લીધી તેવી વ્યક્તિ એટલે પાગલ!! આ સત્ય આપણે જાણતા હોવા છતાં ભલા ભોળા માણસોને કારણ વગર પાગલ! પાગલ! કહીને લોકો ચીડવતા હોય છે.

માનવ સેવાને શ્રેષ્ઠ ધર્મ ગણાવ્યો. નામ જપના કિરત કરના વંડ છકના' સફળ ગૃહસ્થ જીવનનો મંત્ર આપ્યો. આ જ ગુરુ મંત્ર શીખ ધર્મની મુખ્ય આધારશીલા છે. એટલે સાચા મનથી ઈશ્વરનું નામ જપો, ઈમાનદારી અને પરિશ્રમથી કામ કરો, તેમજ ધન દ્વારા દુઃખી, અસહાય અને જરૂરતમંદ લોકોની સેવા કરો. ગુરુ ઉપદેશ છે કે ' ધાલ ખાયે કિછ હત્થો દેહ, નાનક રાહ પછાને સે. આ રીતે ગુરુનાનકજીનાં જીવનમાંનો એક કિસ્સામાં અન્નની શુધ્ધતા, પવિત્રતા અને સાત્વિકતા પર જોર આપ્યુ છે.

ગુરુજી મર્તબા ગામમાં પહોચ્યાં, તો તેમને બે ઘરેથી ભોજનનું નિમંત્રણ આવ્યું. એક નિમંત્રણ ગામના ધનવાન મુખીનું હતું, અને બીજું નિર્ધન સુથારનું હતું. ગુરુનાનકજીએ મુખીયાના ઘીથી બનેલ મીઠાઈનો અસ્વીકાર કર્યો, અને સુથારના ઘરે બનાવેલ સુકી રોટલીઓનો સ્વીકાર કર્યો. ગુરુજીએ મુખીઓની રોટલીઓને નીચોવી ત્યારે તેમાંથી લોહી ટપક્યું. બીજી બાજું ખેડુતની રોટલીઓને નીચોવી તો તેમાંથી શુદ્ધ દુધની ધારા થઈ. ગુરુનાનકજી જણાવ્યું કે મુખીયાની કમાણી અનીતિ. અધર્મ, અત્યાચાર અને શોષણ દ્વારા પ્રાપ્ત કરેલ કમાણી છે, જ્યારે કે સુથારનું આ અન્ન ઈમાનદારી, મહેનતની કમાણીનું હતું.

નાનકજીએ બધા જ ધર્મોને શ્રેષ્ઠ ગણાવતાં કહ્યું કે, ધર્મ ગમે તે હોય પણ ધર્મનાં સત્યને આત્મસાત કરીને વ્યવહાર જીવનમાં લાવવાનું લક્ષ્ય હોવું જોઈએ. ગુરુજીએ ધાર્મિક તેમજ સામાજીક વિષમતાઓ પર જોરદાર પ્રહાર કર્યો. તેમની વાણીમાં હિંન્દુ અને મુસલમાન બંને માટે એકાત્મકતાના બીજ જોવાં મળે છે. તેમનું માનવું હતું કે સંપુર્ણ સૃષ્ટીના ઈશ્વર એક જ છે. આપણે બધા તો તેના બાળકો છીએ, એટલે આપણો ધર્મ એક છે. ગુરુજી સ્વયં પણ એકેશ્વરમાં પુર્ણ વિશ્વાસ રાખતા, તેમનો દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો.

આજે આપણે દેવ દિવાળીએ ઈશ્વર આગળ સંકલ્પ કરીએ, કે જીવનમાં બીજું કોઈ પણ હવે ધ્યેય નથી, માત્ર કોઈ પણ માર્ગેથી તારા સુધી પહોંચવું છે, અને આ જન્મને સફળ બનાવવો છે. અમે સંસારી છીએ, અને અમારી તને ભજવાની, કે ઉપાસનાની પણ એક મર્યાદા છે. પરંતુ આ ભોગ અને વિષયોની, પહેલા હવે તારું સાનિધ્ય પામી શકીએ એવી સાધુતાનું લક્ષ્ય બરકરાર, રહેશે!

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### ઓચીંતા હૃદય બેસી જવાની ઘટનાઓમાં સતત વધારોઃ વધુ બે કુટુંબોએ આધારસ્તંભ દિકરા ગુમાવી દીધા

# ક્રિકેટની ઈનિંગની સાથે યુવાનની જિંદગીની ઈનિંગ પુરી!

## તેત્રીસ વર્ષનો યુવાન બોક્સ ક્રિકેટ રમીને આવ્યા બાદ અને આડત્રીસ વર્ષનો યુવાન ઘરે બેઠા બેઠા ઢળી પડ્યા બાદ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતાં અરેરાટી

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૫

અચાનક મૃત્યુની ઘટનાઓ સતત વધી ગઇ છે. તેમાં પણ યુવાનોના હૃદય રોગના હુમલાથી મૃત્યુ થવાના બનાવો પણ વધ્યા છે. રાજકોટમાં રોજ બરોજ કોઇને કોઇ લોકોના હૃદય ધબકારા ચુકી જાય છે અને જિંદગીથી હાથ ધોઇ બેસે છે. આવા વધુ બે બનાવમાં બે યુવાનના હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયા છે. જેમાં તેત્રીસ વર્ષનો યુવાન બોક્સ ક્રિકેટની ઈનિંગ પુરી કરીને ઘરે આવ્યો હતો અને હાર્ટએટેક આવતાં તેની જિંદગીની ઈનિંગનો પણ અંત આવી જતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બીજા બનાવમાં આડત્રીસ વર્ષના યુવાનનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. આ બંને યુવાન રૈયાધાર, રૈયા ગામ વિસ્તારના હતાં. તેમજ પોતાના પરિવારજનોના આધારસ્તંભ હતાં.

બે કરૂણ ઘટનાઓ પર નજર કરીએ તો વધુ બે બનાવમાં બે યુવાનના શ્વાસ થંભી જતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. રૈયા વિસ્તારમાં આ બંને ઘટના બની હતી. જેમાં તેત્રીસ વર્ષનો યુવાન ક્રિકેટ રમીને આવ્યા બાદ બેભાન થઇ જતાં અને આડત્રીસ વર્ષનો યુવાન રાતે ઘરે હતો ત્યારે અચાનક છાતીમાં દબાણ થયા બાદ બેભાન થઇ જતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. વધુ માહિતી અનુસાર રૈયાધાર શાંતિનગર નજીક આવેલા સનીસીટી એન્કલેવ એપાર્ટમેન્ટ ૪૦૩માં રહેતો તેત્રીસ વર્ષનો યુવાન જીનેશભાઇ અતુલભાઇ ઠક્કર રાતે સાડા બારેક વાગ્યે ઘરે એકાએક બેભાન જેવો થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ સારવાર વખતે તેણે અંતિમ શ્વાસ લઇ લેતાં ગમગીની છવાઇ ગઇ હતી. જીનેશભાઇ પ્રાઇવેટ નોકરી કરતો હતો અને એક બહેનથી મોટો હતો. તેના પિતા હયાત નથી. તે માતા, બહેનનો એકનો એક આધારસ્તંભ હતો. રાતે મિત્રો સાથે બોક્સ ક્રિકેટ રમવા ગયો હતો. પણ કોઇને ક્યાં ખબર હતી કે તેની ક્રિકેટની રમતની ઈનિંગ ખતમ થવાની સાથે સાથે જિંદગીની ઈનિંગ પણ પુરી થઇ જશે! ક્રિકેટ રમીને ઘરે આવ્યા બાદ એકાએક હૃદયમાં તકલીફ થઇ હતી અને બેભાન થઇ ગયા બાદ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

હૃદય રોગના હુમલાથી મૃત્યુની બીજી ઘટનામાં પણ યુવાનનો ભોગ લેવાયો હતો. રૈયા ગામમાં ખોડિયાર મંદિર પાસે રહેતાં આડત્રીસ વર્ષના કરસનભાઇ મશરૂભાઇ ઝાપડા નામના યુવાનને રાતે અગિયારેક વાગ્યે છાતીમાં દબાણ થતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં સ્વજનો ઉંડા આઘાતમાં સરકી ગયા હતાં. મૃત્યુ પામનાર કરસનભાઇ છુટક મજૂરી કરતો હતો. તેને સંતાનમાં બે પુત્ર છે. તેના પિતા હયાત નથી. પોતે ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો હતો. બંને બનાવમાં હાર્ટએટેક હોવાનું ડોકટરની તપાસમાં ખુલ્યું હતુ.





### ગંજીવાડાના ત્રીસ વર્ષના યુવાને અકળ કારણે ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધું

જ્યારે અચાનક મૃત્યુના અન્ય બે બનાવોમાં ભાવનગર રોડ પર મનહરપરા-૭માં રહેતો ચોત્રીસ વર્ષનો ધર્મેશભાઇ ચમનભાઇ ચાવડા નામનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો. તે બે ભાઇમાં મોટો અને કુંવારો હતો. કિડની લીવરની બિમારી હોઇ કામ કરી શકતો નહોતો. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જ્યારે ગોંડલ રોડ પર સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં ઓગણસિત્તેર વર્ષના બાલુબેન શંકરભાઇ ઠાકોર બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજ્યું હતું. ચારેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા યુનિવર્સિટી પોલીસ, માલવીયાનગર અને થોરાળા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

અન્ય એક બનાવમાં યુવાને આપઘાત કરી લીધો હતો. શહેરના ગંજીવાડા શેરી નં. ૩૭માં રહેતાં ત્રીસ વર્ષના રસિકભાઇ ધનજીભાઇ માણકીયા નામના યુવાને ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થોરાળા પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર યુવાન રસિકભાઇ ઇમિટેશનનું મજૂરી કામ કરતો હતો અને ત્રણ બહેન તથા બે ભાઇમાં નાનો હતો. તેને સંતાનમાં એક પુત્રી છે. પરિવારજનો આપઘાતનું કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી એક ઘટનામાં ભગવતીપરા શેરી નં. ૨૧માં રહેતાં બેતાલીસ વર્ષના યુવાન દિલીપભાઈ કાંતિભાઈ ડાભી ઘરે બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ચાર ભાઇમાં મોટા અને અપરિણીત હતાં તથા છુટક મજૂરી કરતાં હતાં. બે મહિનાથી તેમને બિમારી હતી. બી-ડિવીઝન પોલીસે આકસ્કીમ મૃત્યુની નોંધ કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

# ભક્તિનગરમાં યોજાયેલ કેમ્પમાં ૧૭ પ્રિ-ડાયાબિટીક દર્દી મળી આવ્યા

### ૧૦૦ થી વધુ લોકોએ ડાયાબીટીસ કેમ્પનો લીધો લાભ





રાજકોટ મિરર, તા.૧૫

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન અને સ્કૂલ ઓફ ફાર્મસી, આર. કે. યુનિવર્સિટી દ્વારા વિશ્વ ડાયાબિટીસ દિવસના ભાગરૂપે ૧૪ નવેમ્બર ૨૦૨૪ ના મધુપ્રમેહના નિદાન તથા જાગૃતિ ફેલાવવાનું આયોજન રાજકોટના ભક્તિનગર વિસ્તારમાં આવેલ જલારામ ચોક ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન લાભાર્થીના રેન્ડમ બ્લડ સુગર તથા બ્લડપ્રેશર તથા મેદસ્વિતા ઉપરાંત આંખોના ક્ષમતા વિશે તપાસ કરવામાં આવેલ હતી. ડાયાબિટીસ સ્ક્રિનિંગ ના આ કેમ્પમાં ૧૦૦ થી વધુ લોકો ને તપાસતા ૧૭ લોકો પ્રી ડાયાબીટીક જોવા મળ્યા હતા.

જો આ રીતે સમયાંતરે આવા કેમ્પ કરવામાં આવે તો અજાણતા જે લોકો પ્રિડાયાબિટીસ છે તેઓને સમયે જાણ થાય અને એ મુજબ લાઈફ સ્ટાઈલ અને ખાણીપીણીમાં બદલાવ કરી અને ડાયાબિટીસ જેવા ગંભીર રોગોથી બચી શકાય એમ છે એવી અમૂલ્ય સમજણ અને સૂચનો આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. મોરપેન ડાયેગ્નોસ્ટીક, સ્કૂલ ઓફ ફાર્મસી, આર. કે. યુનિવર્સિટીના ફાર્મા હેલ્થ ક્લબની ટીમ અને પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશનના મિત્ર મંડળે સંયુક્ત રીતે જહેમત ઉઠાવી હતી તથાનો સહકાર નોંધનીય છે.




## આજે રાજનગર ચોકમાં E-KYCનો કેમ્પ

પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલની ઓફિસે કેમ્પનું આયોજન

રાજકોટ મિરર, તા.૧૫

ભારત સરકારે તમામ રેશનકાડ ધારકોને સુચના આપી તાકીદ કરી છે કે, તમામ રેશનકાર્ડ ધારકો ઇ-કેવાયસી પૂર્ણ કરવું અન્યથા સરકારી યોજનાઓ લાભ મળતો બંધ થશે. જેની અંતીમ તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૨૪ છે.

જે ધ્યાનમાં લઈને ઈ-કે. વાય.સી કરાવવા તમાં રેશનકાર્ડધારક નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે તા.૧૭/૧૧/૨૦૨૭ ને રવિવારે સવારે ૯:૦૦થી૧૧:૦૦ સુધી ઇ-કેવાયસીના નીઃશુલ્ક કેમ્પનું આયોજન પૂર્વ ધારાસભ્ય ગોવિદભાઈ પટેલની ઓફીસ, રાજનગર ચોક, અમૃત સ્કવેર, નાનામવા રોડ, ત્રીજા માળે,રાજકોટ રાખવામાં આવલ છે. જેના માટે જરૂરી ડોક્યુમેન્ટ સાથે હાજર રહેવું.

રેશન કાર્ડ, બધાના આધારકાર્ડ રેશનકાર્ડ માં જેટલાના નામ હોય તે વ્યક્તિઓએ હાજર રહેવું. વિશેષ ઘટતી માહિતી માટે આ વિભાગની કામગીરી સંભાળતા હસુભાઈ પટેલ મો.૯૧૦૬૧૭૫૭૩૫ નો સંપર્ક કરવો કેમ્પની સંપૂર્ણ વ્યવસ્થા તેમની સેવાભાવી કાર્યકર્તાની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# આજે રાષ્ટ્રીય પ્રેસ દિવસ

### કેપ્ચર એવરીથિંગ, ડીકલેર મેનીથીંગ, હાઈડ નથીંગ




આજના યુગમાં પત્રકારત્વના અનેક માધ્યમો જેવા કે વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો, દૂરદર્શન, ડીજીટલ મીડિયા તેને મુદ્રણ તથા દ્રશ્ય - શ્રાવ્ય એમ બે મુખ્ય માધ્યમોમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પત્રકારત્વને (ાયિતત) લોકશાહીના ચોથા આધારસ્તંભ (ચોથી જાગીર) તરીકે પણ ઓળખવામાં આવે છે અને પત્રકારત્વ એ આધુનિક સભ્યતાનો એક મુખ્ય વ્યવસાય પણ ગણવામાં આવે છે. ૧૬ નવેમ્બર, ૧૯૬૬થી ભારતીય પ્રેસ પરિષદે પોતાનું સત્તાવાર કાર્ય કરવાનું શરૂ કર્યું હતું. ત્યારથી લઈ દર વર્ષે ૧૬ નવેમ્બરે 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' ઉજવવામાં આવે છે. 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સામાન્ય લોકોને પ્રેસ અંગે જાણકારી આપવાનો છે. પત્રકારત્વનું ક્ષેત્ર આજે વ્યાપક થયું છે. પત્રકારત્વ જનજન સુધી માહિતી પહોંચાડવાનું સાધન બની ચૂક્યું છે.

લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરીકને છૂટ હોય છે, પરંતુ આજે આ અધિકાર મીડિયા પાસેથી ક્યાંક ક્યાંક છીનવાઈ ગયો હોય એવું નથી લાગતું ? 'પત્રકારત્વ' એ ફક્ત નામ જ નહી પરંતુ આખો ઈતિહાસ છે. આજે આઝાદીનાં ૭૮ વર્ષ પૂરા થયા છે ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરસનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હોય સૌ કોઈ એ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યું છે, પરંતુ આજે મિશનમાંથી થોડા ઘણા અંશે કોર્પોરેટ બનેલા પત્રકારત્વમાં પણ વાણી સ્વતંત્રતા કેટલે અંશે જળવાઈ રહી છે તે એક મોટો પ્રશ્ન છે. પત્રકારોને બાહ્ય પરિબળો ઉપરાંત મીડિયાના આંતરિક પરિબળો પણ ઘણી વખતે નિષ્ઠાપૂર્વક કામ કરવાથી કે પછી સત્યને છતો કરવાથી રોકતા હોય છે. મીડિયા એ સમાજનો અરીસો છે અને અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ? અંતે તો જર્નાલિઝમમાં જે વાત છુપાવવામાં આવતી હોય તે જ ન્યુઝ હોય, બાકી બધું તો એડવર્ટાઈઝમેન્ટ જ છે. વર્તમાન સમયમાં ડીજીટલ મીડિયા પણ ઘણું વિકસ્યું છે જ્યાં સારા, ખરાબ, સાચા કે ખોટા સમાચારો ઘણા આવતા હોય છે. અત્યારના 'નેટ વર્લ્ડ'માં ઘણી બધી ઘટનાઓ કે વાતોને લઈને જે સમાચારો ફેલાતા હોય છે તેમાં કુદરતી આફત કે માનવ સર્જીત વિષય ઉપર જ્યારે પ્રેસ પ્રસિદ્ધિ કરતા હોય ત્યારે લોકોમાં ખોટી અફવા ન ફેલાય તે માટેની ચોક્કસાઈ રાખવી પ્રેસ/મીડિયા માટે અત્યંત આવશ્યક બની જાય છે.

### નાગરિકોના રૂપિયા ન વેડફાય માટે સ્ટેન્ડિંગ ચેરમેન કટિબદ્ધ

# પે એન્ડ પાર્કિંગ માટે મનપાએ કર્યુ રિ-ટેન્ડર

## ૩૩ જગ્યાઓ પર ઓછા ભાવ આવતા ટેન્ડર ફરી કરવાનો લીધો નિર્ણય : એજન્સીઓની રાવ પૂરતા વાહનો પાર્કિંગમાં ન આવતા વેઠવી પડે છે નુકસાની

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા હાલ ૩૩ પે એન્ડ પાર્કિંગની જગ્યાઓ માટે જે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા તેમાં મહાનગરપાલિકાને ઓછા ભાવ મળ્યા હતા. મહત્વનું એ છે કે રાજકોટ મહાનગરપાલિકા કોઈપણ સંજોગે લોકોના રૂપિયા વેડફાઈ નહીં તે માટે દરેક સંભવત પ્રયત્ન કરી રહ્યું છે જેના માટે પે એન્ડ પાર્કિંગને લઈ રિટેન્ડર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પે એન્ડ પાર્કિંગ માટેના ટેન્ડર જાહેર કરી દેવામાં આવ્યા છે એટલું જ નહીં કુલ ૩૩ સ્થળે પે એન્ડ પાર્કિંગ ની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ અંગે થોડા સમય પહેલા જ દરખાસ્ત આવી હતી પરંતુ કોઈ પણ કારણસર આ અંગેનું ટેન્ડર રીટેંડર કરવામાં આવ્યું હતું ત્યારે હવે વાહન પાર્કિંગ માટે પણ શહેરીજનોએ વધુ ચાર્જ ચૂકવવો પડે તો નવાઈ નહીં. હાલ ટ્રાફિકની સમસ્યા ખૂબ વિકરાળ બની રહી છે ત્યારે ભવિષ્યમાં આ પરિસ્થિતિ વિકટ ન બને તે માટે મહાનગરપાલિકા દ્વારા રિટેન્ડર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકર પ્રજાના રૂપિયા વેડફાઈ નહીં તે માટે ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરી રહ્યા છે અને આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ પે એન્ડ પાર્ક માટે રિટેન્ડર કરવાની પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

મહાનગરપાલિકા દ્વારા ૩૩ સ્થળે પે એન્ડ પાર્ક સાઈટ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરાયા છે અગાઉ આ મુદ્દે એજન્સીઓ દ્વારા ઓછા ભાવ આવતા દરખાસ્તને રદ કરી દેવામાં આવી હતી. મહત્વનું એ છે કે પે એન્ડ પાર્કિંગ નો કોન્ટ્રાક્ટ રાખનાર એજન્સીઓને વાહનોના અભાવે નુકસાની જતી હોવાની પણ ફરિયાદો અગાઉ ઉઠવા પામી હતી જેને લઈને ગયા મહિને ૩૩ સ્થળો ઉપર પે એન્ડ પાર્કિંગ માટેના ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. એજન્સી દ્વારા ઓછા ભાવથી આ ટેન્ડર પણ ભરવામાં આવ્યા હતા પરંતુ વધુ ભાવના ટેન્ડર શા માટે નથી આવતા તેની ચર્ચા ના બદલે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ તમામ પ્રક્રિયાને રદ કરી રિટેન્ડર કરવાનો આદેશ કર્યો હતો જેના માટે ફરી એક વખત મહાનગરપાલિકાએ ૩૩ સ્થળો માટે પેન્ટ પાર્કિંગ ની સાઇટને લઈ ટેન્ડર પ્રસિદ્ધ કર્યા છે. મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર પે એન્ડ પાર્કિંગની જૂની સાઈટ તેમજ અમુક નવી સાઇટ જે જાહેર કરવામાં આવી છે તેમાં વધુ ભાવની આશા મહાનગરપાલિકા રાખી રહી છે ત્યારે સરકારની જે નવા નિયમો છે તે આધારે પે એન્ડ પાર્કિંગ માટેના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે જેને લઇ હવે વાહન ચાલકોએ સરકાર દ્વારા નક્કી કરેલા ભાવ મુજબ પાર્કિંગ ચાર્જ ચૂકવવો પડશે.



### રાજકોટમાં ૩૩ વિવિધ પે એન્ડ પાર્ક જગ્યાઓ માટે થશે રિટેન્ડર

મહાનગરપાલિકા દ્વારા સાઈટો નક્કી કરાઈ છે જેમાં ડોમિનોઝ પીઝાથી જય સીયારામ ચા ની સામેનાં બ્રીજ ની બન્ને સાઈડ (વોર્કહાર્ટ હોસ્પિટલ ની સામે નો ભાગ) કે.કે.વી મલ્ટી લેવલ બ્રીજ જડુસ ચોકથી પુષ્કરધામ સુધી બ્રિજની નીચે બંને સાઈડ ૮૬૦ ચો.મી. જડુસ ચોકથી મોટા મવા સુધી બ્રિજની નીચે બંને સાઈડ ૮૫૨ ચો. મી. મવડી ચોકડીથી નાનામવા ચોકડી તરફનો ઉગમણી બાજુએ (ઇસ્ટ) બ્રીજ નીચેનોભાગ, મવડી ચોકડીથી ગોંડલ ચોકડી તરફનો આથમણી બાજુએ (વેસ્ટ) બ્રીજ નીચેનોભાગ, મવડી ચોકડીથી ગોંડલ ચોકડી તરફનો ઉગમણી બાજુએ (ઇસ્ટ) બ્રીજ નીચેનોભાગ, હોસ્પિટલ ચોકથી જામનગર રોડ બ્રીજ નીચેનો ભાગ હોસ્પિટલ ચોકથી કેસરી હિન્દ પુલ બ્રીજ નીચેનો ભાગ હોસ્પિટલ ચોકથી ધ ગ્રાન્ડ ઠાકર હોટેલ બ્રીજ નીચેનો ભાગ શાસ્ત્રી ધર્મજીવનદાસજી આંખની હોસ્પિટલની બાજુમાં રેલ્વેઓવરબ્રિજ નીચેનો ભાગ વિવેકાનંદ ઓવરબ્રિજ/મવડી ઓવરબ્રિજ નીચેની જગ્યા ઓપન પ્લોટ નહેરુનગર ૮૦ ફૂટ રોડ યોગેશ્વર સોસાયટી મોચી બજાર કોર્ટ થી પેટ્રોલ પંપ રોડ. જયુબેલીશાક માર્કેટ લાખાજીરાજ રોડ વોર્ડ નં.૭માં સ્થિત રાષ્ટ્રીય શાળા પાસે આવેલ મહાનગરપાલિકાની જમીન સર્વેશ્વરચોક ધનરજની બિલ્ડીંગ, (ઈમ્પીરીયલ હોટેલ) થી જીલ્લા પંચાયત ચોક સુધી, બન્ને બાજુ ઓપન પ્લોટપંચાયત નગર, રામદેવપીર ચોકથી શીતલ પાર્ક ચોક ઉગમણી બાજુ બ્રીજ નીચેનો ભાગ રામદેવપીર ચોકથી શીતલ પાર્ક ચોક આથમણી બાજુ બ્રીજ નીચેનો ભાગ રામદેવપીર ચોકથી નાણાવટી ચોક આથમણી બાજુ બ્રીજ નીચેનો ભાગ રામદેવપીર ચોકથી નાણાવટી ચોક ઉગમણી બાજુ બ્રીજનીચેનો ભાગ.

કે.કે.વી.ચોક થી બીગ બજાર તરફનો ઉગમણી બાજુએ (ઇસ્ટ) બ્રીજ નીચેનોભાગ (૧) નાના મવા સર્કલથી બિગ બજાર આથમણી બાજુ બ્રીજ નીચેનો ભાગ નાના મવા ચોકથી બાલાજી હોલ આથમણી બાજુ બ્રીજનીચેનો ભાગ રૈયા ચોકડીથી ઇન્દિરા સર્કલ તરફનો આથમણી બાજુએ (વેસ્ટ) બ્રીજનીચેનો ભાગ (૪) રૈયા ચોકડીથી નાણાવટી ચોક તરફનો ઉગમણી બાજુએ (ઇસ્ટ) બ્રીજ નીચેનોભાગ (૨) રૈયા ચોકડીથી નાણાવટી ચોક તરફનો આથમણી બાજુએ (વેસ્ટ) બ્રીજ નીચેનોભાગ (૩) સત્યસાઈ મેઈન રોડ (પરિમલ સ્કુલ) થી આત્મીય કોલેજ નાં ગેટ સુધી (સ્વિમિંગ પુલ સામે) બ્રીજ ની બન્ને સાઈડ કે.કે.વી મલ્ટી લેવલ બ્રીજ શ્રીજી હોટલ થી રોયલ પાર્ક મેઈન રોડ( ક્રિશ્ના મેડીકલ સ્ટોર સુધી)બ્રીજ ની બન્ને સાઈડ કે.કે.વી મલ્ટી લેવલ બીજ સહિતના સ્થળે પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરાશે.



# કાલે નાગરિક બેંકની ચૂંટણી

## વેબ કાસ્ટિંગ અને વિડીયો રેકોર્ડિંગ પણ થશે

### મુંબઈ અને સુરત મતદાન મથકો માટે બેલેન્સ પેપર તથા મત પેટીઓ બે-બે નાયબ મામલતદારોને બેંકના કર્મચારીઓ સાથે કરાઈ રવાના

રાજકોટ, તા. ૧૫

રાજકોટ નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટરોની ૧૫ બેઠકો માટેની ચૂંટણી કાલે યોજાશે જે માટે ચૂંટણીની તૈયારીઓને જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભાવ જોશી તેમજ જિલ્લા રજીસ્ટ્રાર ડોક્ટર વિમલ કુમારના માર્ગદર્શન હેઠળ આખરી ઓપ આપવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ અગાઉ છ બેઠક બિનહરીફ થઈ ચૂકી છે ત્યારે નાગરિક સહકારી બેંકની આ ચૂંટણીમાં હવે ૧૫ બેઠકો માટે ૨૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે જેમાં સહકાર પેનલના ૧૫ અને સંસ્કાર પેનલના ૧૧ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારી પ્રભાવ જોશી દ્વારા આ અંગે બંને પેનલને ચૂંટણી પ્રતીકની ફાળવણી કરી દેવામાં આવી હતી તેમાં સહકાર પેનલને સફરજન અને સંસ્કાર પેનલને માઈક પ્રતિક સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

આ ચૂંટણીમાં રાજકોટ ઉપરાંત જેતપુર, જસદણ, મોરબી, અમદાવાદ, સુરત અને મુંબઈ એમ સાત સ્થળો ના મતદાન મથકો પર રવિવાર તારીખ ૧૭ ના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ચાર વાગ્યા સુધી મતદાન થશે ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની પ્રક્રિયા થાય તે માટે તંત્ર સજ બન્યું છે અને તમામ તૈયારીઓ પણ આ ટોપી લેવામાં આવી છે. ગઈકાલ બપોરના જિલ્લા કલેકટર કચેરી ખાતે તૈયાર કરવામાં આવેલા ખાસ સ્ટ્રોંગ રૂમ પરથી મુંબઈ અને સુરતના મતદાન મથકો માટે મત પેઢીઓ ખાસ વાહનમાં બે બે નાયબ મામલતદારો, બેંક કર્મચારીઓ અને ગનમેન સાથે રવાના કરવામાં આવી હતી એટલું જ નહીં આ મત પેટીઓ રવાના થાય તે પૂર્વે સહકાર અને સંસ્કાર પેનલના પ્રતિનિધિઓને જિલ્લા કલેકટર કચેરી ખાતે બોલાવી મત પેટીઓની ચકાસણી પણ કરાવવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ બેલેન્સ પેપર ને પણ હાલ રવાના કરી દેવામાં આવ્યા છે ત્યારે નાગરિક બેંકની આ ચૂંટણીમાં વિધાનસભાની ચૂંટણી જેવો માહોલ સર્જાયો છે. આ ચૂંટણીમાં સહકાર અને સંસ્કાર પેનલના ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. નાગરિક બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણીના તમામ મતદાન મથકોનું વિડીયો રેકોર્ડિંગ તથા તેનું વેબ કાસ્ટિંગ પણ કરવામાં આવશે. જિલ્લા કલેકટર કચેરી તરફથી મળતી માહિતી મુજબ મતદાન મથકો પર પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે નાયબ મામલતદારો જેમાં વર્ષાબેન વેગડા, સંદીપભાઈ ચોવટીયા, અશ્વિનભાઈ દોશી, મુકેશભાઈ રાઠોડ, વિક્રમસિંહ તેમજ ગીતાબેન જીવાણી સહિતના કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવેલી છે.

બીજી તરફ નાગરિક સહકારી બેન્ક ની ચૂંટણી ને લઈ ગઈકાલે રજાના દિવસે પણ કલેકટર કચેરી ખાતે કામગીરી ચાલુ હતી ત્યારે આ ચૂંટણીની મત પેટીઓ માટે વિશેષ સ્ટ્રોંગ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે અને પોલીસ બંદોબસ્ત મુકાયો છે. હવે જોવાનું એ રહ્યુ કે આ ચૂંટણીમાં કયા પેનલનું પલડું ભારે છે કારણ કે સહકાર પેનલ તરફ જે ઝુકાવ હોવો જોઈએ તે વધુ જોવા મળી રહ્યો છે જ્યારે સંસ્કાર પેનલ હવાતિયા મારતી હોય તેવું તજજ્ઞ જણાવી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટે પણ સંસ્કાર પેનલની અરજીને ફટકારી છે અને ચૂંટણી મુલતવી રાખવાની જે માંગણી કરવામાં આવી હતી તેને પણ નકારી કાઢી છે ત્યારે હવે આડે એક જ દિવસ બાકી છે જોવાનું એ રહ્યું કે સહકાર પેનલ વિજય થાય છે કે સંસ્કાર પેનલ.

# ૩ મહિનાથી દારૂના કેસમાં ભાગતા ફરતા આરોપીને ઝડપી લેવાયો

## ગોલીડા ગામેથી નાસતા ફરતા સ્કવોડે દબોચ્યો

રાજકોટ મિરર, તા.૧૫

થોરાળા પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુન્હામા ત્રણ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતા નાશતા ફરતા સ્કોડ ઝોન-૧ની ટીમે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો નાસતા ફરતા આરોપીને શોધવા સ્કવોડ પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઈ બી.વી. બોરીસાગર તથા નાસતા ફરતા સ્કોડ ઝોન-૧ ટીમના દ્વારા હ્યુમનસોર્સ તથા સી.ડી.આર. એનાલીસીસ કરતા માહીતી મળેલ કે, થોરાળા પોલીસ સ્ટેશનનાપ્રોહીબીશનના ગુન્હામાં



છેલ્લા ત્રણ માસથી નાસતા ફરતા આરોપી ભરત ધીરૂ મેમરીયા(રહે. બોધરાવદર ગામ તા.જસદણ)

અત્યારે રાજકોટ તાલુકાના ગોલીડા ગામે આંટા મારે છે.

બાતમી મળતા જ રાજકોટ શહેર ઝોન-૧ની નાસતા ફરતા સ્કોડનો કાફલો ગોલીડામાં ત્રાટક્યો હતો અને ભરત કોળીને દબોચી લીધો હતો. દારૂના આરોપીને પકડવામાં પીએસઆઈ બી.વી. બોરીસાગર, નાસતા ફરતા સ્કોડ ઝોન-૧ રાજકોટ શહેરના એ.એસ.આઇ પીયુષભાઇ ત્રિવેદી, જયપાલસિંહ ઝાલા તથા પો.કોન્સ અમીતભાઇ તેરૈયા તથા નરેશભાઇ ચાવડા તથા યુવરાજસિંહ જાદવ રોકાયા હતા.

### હવે તસ્કરોના BRTSના બસસ્ટેન્ડમાં ધામા

# રૂા.૬૧ હજારની મત્તા ભરેલી બેંગની ઉઠાંતરી

### રામાપીર ચોકડીનો બનાવ : હવે તસ્કરીનું આ એક જ બાકી રહેલું સ્થળ પણ બન્યું જોખમી : ગાંધીગ્રામ પોલીસે શરુ કરી તપાસ

રાજકોટ મિરર, તા.૧૫

અત્યાર સુધી શહેરમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ સલામત ગણાતા હતા અને અહી કોઈ તસ્કરી કે તફડંચી થઇ નથી. પણ જેમ બોગસ-ડુપ્લીકેટની પરંપરા શરુ થઇ હતી તેમ હવે બીઆરટીએસ બસ સ્ટેન્ડ પણ અસલામતીની વ્યાખ્યામાં આવી ગયાનું કહેવું અનુચિત નથી. આ વાતને સાબિત કરતી શહેરના રામાપીર ચોકડી પરના બીઆરટીએસ બસ સ્ટેન્ડમાં બની હોય તેમ રૂ. ૬૧ હજારની મત્તા ભરેલી બેગ કોઈ તસ્કર ઉઠાવી ગયાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરના રામાપીર ચોકડી પાસે આવેલા બીઆરટીએસ બસ સ્ટેન્ડની અંદરથી કોઇ તસ્કર લેપટોપ, ચાર્જર, ટુલકીટ અને બસ સ્ટેન્ડની અંદાજીત ૪૦ જેટલી ચાવીઓ સહિત ૬૧ હજારની મતા કોઇ તસ્કર ચોરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. માંડા ડુંગર પાસે મહાકાળી માતાજીના મંદિર પાસે રહેતા સંજયભાઇ હુકાભાઇ ઓળકીયાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ એમનેક્સ કંપનીમાં સાઇટ એન્જીનીયર તરીકે નોકરી કરે છે. ગઇ તા.૧૨ના રોજ તેમની સાથે સાથી કર્મચારી ફેઝલભાઇ શેખ (રહે. સુભાષનગર શેરી નં.૩) પાસેથી તેમણે રૂ.૫૧ હજારની કિમતનું લેપટોપ વાપરવા લીધું હતું.

તા.૧૨ના રોજ સાંજના સમયે આઠેક વાગ્યે સંજયભાઇ અને તેમની સાથે કામ કરતા મીતભાઇ રાદડીયા રામાપીર ચોકડી પાસે આવેલા બીઆરટીએસ બસ સ્ટેન્ડ ખાતે ટીવીનું રીપેરીંગ કરવા ગયા હતા. ત્યાં તેમનું કામ પુરુ થયુ ત્યારે તેમનું બેગ જોતા ત્યાં લેપટોપ, ચાર્જર, ટુલકીટ અને ૪૦ જેટલી ચાવીઓ ભરેલું બેગ ત્યાં જોવામાં ન આવતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ પી.બી.વારોતરીયા અને સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

### એક્સેસની ડીકી તોડી રૂ.૩ લાખની ઉઠાંતરીના બનાવમાં નોંધાયો ગુન્હો

શહેરના દોશી હોસ્પિટલ પાસે પાર્ક કરેલ જીજે ૦૩ એન.એ. ૮૯૫૫ નંબરના એક્સેસની ડીકી તોડી ગઈકાલે બે હેલ્મેટધારી રૂ. ૩ લાખ ચોરી ગયાનો સોશિયલ મીડિયામાં વિડીયો વાયર થયો હતો. દરમિયાન આ બાબતે ગઈકાલે રાત્રીના નકળંગ ચાની હોટેલવાળા જીલાભાઈ સવાભાઈ ચીરોડીયા(રહે. ખોડીયાર નગર, શેરી – ૧૭, ગોવર્ધન ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ)એ માલવિયા નગરમાં પોલીસમાં ફરિયાદ કરી કોઈ તસ્કરો તેમના એક્સેસની ડીકી તોડી રૂ. ૩ લાખ ચોરી કરી ગયાની અજાણ્યા બે શખ્શો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બનાવ સ્થળ નજીકના સીસી કેમેરાના ફૂટેજના આધારે બે અજાણ્યા હેલ્મેટધારી બાઈક સવારોની શોધખોળ આદરી છે.

### પ્રેસનું કાર્ડ ધરાવતો પ્રતિક બામણબોરમાં નકલી ડોક્ટર પાસે તોડના કારસામાં સફળ ન થયો તેમાં બાબુલાલે ભુમિકા ભજવી હોઇ ખાર રાખી માંડાડુંગર પાસે આંતરી તૂટી પડ્યો

# ડઝન ગુનામાં સામેલ નામચીન શખસે પત્રકારને સળીયાથી ફટકાર્યા

### સમુહલગ્ન લોકડાયરાની કંકોત્રી આપવા નીકળ્યા ત્યારે આજીડેમ પાસે જોઇ જતાં પીછો કરી પાડી દીધાઃ પોલીસે ગુનો નોંધ્યો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૫

શહેરમાં અનેક એવા શખ્સો છે જે પ્રેસ મડીયાના કાર્ડ લઈને નીકળી પડે છે. નોંધણી કરાવ્યા હોય તેવા કાર્ડધારકો પણ છે અને એમ જ પ્રેસના નામે ચરી ખાનારા પણ અનેક છે. દરમિયાન સામા કાંઠે રહેતાં અને બૂટલેગરની છાપ ધરાવતાં તેમજ હત્યાની કોશિષ સહિતના ડઝન ગુનાઓમાં સામેલ શખ્સે બામણબોરના પત્રકાર પર માંડા ડુંગર પાસે લોખંડના સળીયાથી હીચકારો હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડતાં તેમને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ આ શખ્સ બામણબોરમાં પ્રેસના નામે કોઇ નકલી ડોક્ટર પાસે તોડ કરવા ગયાની જાણ બામણબોરના અસલી પત્રકારને થતાં તેમણે આ મામલે પોલીસને જાણ કરી દીધી હતી. આ બાબતનો ખાર રાખીને ગુનેગારની છાપ ધરાવતો શખ્સ ફરતો હતો. દરમિયાન બામણબોરના પત્રકાર સમુહલગ્નની કંકોત્રી આપવા, લોકડાયરના પોસ્ટર ચીપકાવવા નીકળ્યા ત્યારે તેમને આંતરીને હીચકારો હુમલો કરાયો હતો.

બનાવની વિગતો પર નજર કરીએ તો તાલુકાના બામણબોર ગામે રહેતાં અને સેવાભાવી આગેવાન, જાગૃત નાગરિકની સમગ્ર પંથકમાં સારી છાપ ધરાવતાં અને પત્રકાર તરીકે ઓળખાતા ઓગણપચાસ વર્ષના બાબુભાઇ રવજીભાઇ ડાભી પર રાતે રાજકોટના ભાવનગર રોડ પર માંડા ડુંગર પાસે અગાઉ ડઝનેક ગુનાઓમાં સંડોવાઇ ચુકેલા શખ્સ પ્રતિક ચંદારાણાએ લોખંડના સળીયાથી હુમલો કરી હાથ-પગમાં બેફામ ઘા ફટમારી ગંભીર ઇજા પહોંચાડતાં બાબુભાઇ લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે દાખલ કરાયા છે. થોડા મહિના પહેલા બામણબોરમાં એક ડીગ્રી વગરના ડોક્ટર પાસે પ્રતિક સહિતના શખ્સો પ્રેસના નામે તોડ કરવા આવતાં તેની જાણ બાબુભાઇએ પોલીસને કરી દીધી હોઇ આ લોકો તેના ઇરાદામાં સફળ ન થતાં ત્યારથી તે ખાર રાખીને ફરતો હતો અને ગત રાતે બાબુભાઇની કારને આંતરી સળીયાથી તૂટી પડ્યો હતો.

વધુ માહિતી અનુસાર બામણબોર રહેતાં બાબુભાઇ ડાભી સાંજે આજીડેમ ચોકડી થઇ કાળીપાટ જવા નીકળ્યા ત્યારે માંડા ડુંગર પાસે એકટીવા પર આવેલા પ્રતિક ચંદારાણાએ તેમને આંતરી ત્યાં લોખંડના સળીયાથી હુમલો કરી હાથ, પગમાં આડેધડ ઘા ફટકારતાં દેકારો મચી ગયો હતો. હુમલાને કારણે બાબુલાલ લોહીલુહાણ થઇ ગયા હતાં. તેમણે દેકારો મચાવતાં નજીકની હોટેલથી લોકો દોડી આવ્યા હતાં. બાબુભાઇને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, જયદિપસિંહ જાડેજા, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ એસ. આર. ચુડાસમાએ હોસ્પિટલે પહોંચી બાબુભાઇ ડાભીની ફરિયાદ પરથી પ્રતિક ચંદારાણા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.








હુમલો કરનાર પ્રતિક દારૂ, હત્યાની કોશિષ સહિતના ગુનાઓમાં સામેલ

હુમલામાં ઘાયલ થયેલા પત્રકાર બાબુભાઇ ડાભીએ હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે હું બામણબોર રહુ છું અને ફોટોગ્રાફી, વિડીયોગ્રાફીનું કામ કરવાની સાથે પત્રકાર તરીકે પણ અલગ અલગ સમાચાર માધ્યમોમાં સેવા આપુ છું. બે મહિના બાદ અમારા ગામમાં સમુહલગ્ન યોજાયાના હોઇ અને સાથે લોકડાયરો પણ રાખવામાં આવ્યો હોઇ તેની કંકોત્રી આપવા હું કાળીપાટ જવા માટે મારી સ્વીફ્ટ કાર લઇને સાંજે નીકળ્યો હતો. રાજકોટ આજીડેમ ચોકડીએ પહોંચી મેં સમુહલગ્નને લગતા પોસ્ટર ત્યાં ચીપકાવ્યા હતાં. એ પછી હું કાળીપાટ તરફ જવા મારી કારમાં રવાના થયો હતો. આજીડેમ ચોકડીએ હું હતો ત્યારે પ્રતિક ચંદારાણા મને જોઇ ગયો હોઇ તે મારી પાછળ પાછળ એક્ટીવા લઇને આવ્યો હતો અને માંડા ડુંગર પાસે હું પહોચ્યો ત્યારે પ્રતિક એક્ટીવા પર આવ્યો હતો અને મને આંતરીને કારમાંથી ઉતારી ગાળો દઇ લોખંડના સળીયાથી હુમલો કરી હાથ, પગમાં આડેધડ ઘા ફટકારતાં હું લોહીલુહાણ થઇ પડી ગયો હતો.

દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં પ્રતિક ભાગી ગયો હતો. બાદમાં ૧૦૮ બોલાવી હું સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. આ હુમલાનું કારણ જણાવતાં બાબુભાઇ ડાભીએ કહ્યું હતું કે અમારા ગામમાં બે મહિના પહેલા કોઇ રાજુભાઇ નામના શખ્સે ડીગ્રી વગર દવાખાનુ ચાલુ કર્યુ હતું. આ અંગે જાગૃત નાગરિક તરીકે મેં પોલીસને જાણ કરવા તસ્દી લીધી હતી. એ વખતે જ રાજકોટથી પ્રતિક ચંદારાણા સહિતના શખ્સો ગાડી લઇને આ કહેવાતા ડોક્ટરના દવાખાને પહોંચી ગયા હતાં. જ્યાં પ્રતિકે પોતે પ્રેસમાં છે તેમ કહી ઓળખકાર્ડ પણ બતાવ્યું હતું અને નકલી ડોક્ટરનો તોડ કરવા પ્રયાસ કર્યો હતો. આની જાણ મને થતાં મેં તુરત જ પોલીસને જાણ કરી હતી અને પ્રતિક સહિતનાને તેના મનસુબામાં સફળ થવા દીધા નહોતાં. આ બાબતની જાણ પ્રતિકને થઇ જતાં ત્યારથી તેને મારી સાથે મનદુ:ખ થયું હતું અને મારા પર તે ખાર રાખીને ફરતો હતો.

દરમિયાન ગુરૂવારે સાંજે હું આજીડેમ ચોકડીએ સમુહલગ્ન, લોકડાયરાના પોસ્ટર લગાવતો હતો ત્યારે તે મને જોઇ જતાં બાદમાં પીછો કરી એકાંત વાળી જગ્યા માંડાડુંગર પાસે આવતાં જ મને આંતરીને હુમલો કર્યો હતો. આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી પ્રતિકને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિક અનેક ગુનાઓમાં અગાઉ સંડોવાઇ ચુક્યો છે અને છેલ્લે પણ હત્યાના પ્રયાસમાં એલસીબી ઝોન-વન ટીમે તેને પકડી લીધો હતો. આ વખતે પ્રતિકે પત્રકાર પર હીચકારો હુમલો કર્યો છે.

પ્રતિક વિરૂધ્ધ અગાઉ બાર જેટલા ગુનાઓ દાખલ થયા છે. જેમાં હત્યાની કોશિષનો ગુનો પણ સામેલ છે. વધુ માહિતી અનુસાર સામા માંઠે સંત કબીર રોડ પર ભગીરથ સોસાયટીમાં રહેતાં પ્રતિક દિલીપભાઇ ચંદારાણા પાસે પ્રેસનું કાર્ડ પણ છે! આ શખ્સ વિરૂધ્ધ રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં એક ડઝન ગુના નોંધાઇ ચુક્યા છે. બી-ડિવીઝનમાં દારૂ, આજીડેમમાં ૩૦૭, ડીસીબી, બી-ડિવીઝનમાં દારૂના અલગ અલગ ગુનાઓ, બી-ડિવીઝનમાં ફરજમાં રૂકાવટ, હુમલાનો ગુનો, કુવાડવામાં દારૂનો ગુનો મળી કુલ ૧૨ ગુના અગાઉ નોંધાઇ ચુક્યા છે. છેલ્લે એલસીબી ઝોન-૧ ટીમના બી. વી. બોરીસાગર, વિજેન્દ્રસિંહ જાડેજા, જીતુભા,ઇ સત્યજીતસિંહ, રવિરાજભાઇ, દિવ્યરાજસિંહ સહિતની ટીમે તેને આજીડેમના હત્યાની કોશિષના અને બી-ડિવીઝનના દારૂના ગુનામાં પકડ્યો હતો. આટલા ગુનાઓમાં સામેલ પ્રતિક સામે વધુ એક મારામારીનો ગુનો આજીડેમ પોલીસમાં ગત રાતે દાખલ થયો છે. પ્રેસનું કાર્ડ લઇને ફરતાં બાર બાર ગુનામાં સામેલ શખ્સે હવે અસલી પત્રકારને પાડી દેવાનો પ્રયાસ કરી હીચકારો હુમલો કરતાં ચકચાર જાગી છે.

### એક મેસેજ આવ્યો તેમાં ટેલિગ્રામ આઈડી માંગી, જે આપતાં લિંક આવી અને ખેલ શરૂ થયો

# શ્રુતિકાની કારીગીરી બિઝનેસમેનને પોણા કરોડમાં નવડાઈ ગઈ

## કરન્સી ટ્રેડિંગમાં વીસ ટકા નફાની લાલચ આપી શરૂઆતમાં વેપારીને નફો કરાવડાવ્યોઃ પછી વેપારીએ ડોલરમાં બતાવતો ૪,૭૩,૨૫૯નો નફો વિડ્રો કરવા પ્રયાસ કરતાં ગઠીયાઓએ ત્રીસ ટકા ટેક્સ માંગ્યોઃ એ વખતે છેતરાયાની ખબર પડી

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૫

ઓનલાઇન ફ્રોડની દુનિયામાં ગઠીયાઓએ વધુ એક મસમોટો શિકાર કરી લેવામાં સફળતા મેળવી લીધી છે. એક વેપારીને કરન્સી ટ્રેડીંગમાં રોકાણ કરવાથી વીસ ટકા નફો મળશે તેવી લાલચ આપી તેને જાળમાં ફસાવી અધધધ પોણો કરોડનો ચૂનો લગાડી દેવાયો છે. શરૂઆતમાં બિઝનેસમેનને રોકાણ પર નફો દેખાડવામાં આવ્યો હતો. આ મસમોટી નફાની રકમ જોઇ તેઓ ખુશ થઇ ગયા હતાં. પણ રકમ વિડ્રો કરવા માટે ત્રીસ ટકા ટેક્સ માંગવામાં આવતાં તેમને શંકા ગઇ હતી. તપાસ કરતાં પોણા કરોડમાં ગઠીયાઓ નવડાવી ગયાની ખબર પડી હતી. જેમાં ગઠીયાગીરી કરનારે શ્રુતિકા રાણા નામ ધારણ કરીને વેપારીને નવડાવી દીધા હતાં.

ઓનલાઇન ફ્રોડની આ ઘટના પર નજર કરીએ તો માંજલપુર વિસ્તારમાં રહેતા બિઝનેસમેનને કરન્સી ટ્રેડિંગમાં ઇન્વેસ્ટમેન્ટ કરીને દસથી વીસ ટકા નફો આપવાની લાલચ આપી ભેજાબાજોએ તેમની પાસેથી પંચોતેર લાખ એંસી હજાર રૂપિયા પડાવી લીધા હતા. બિઝનેસમેને આ રૂપિયા વિડ્રો કરવા માટેનું કહેતા તેના માટે ૩૦ ટકા ટેક્સ ભરવો પડશે તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ બિઝનેસમેનને છેતરપિંડી થઈ હોવાની ખબર પડી હતી. આ મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા બિઝનેસમેને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું એક વેબસાઇટ જોતો હતો, ત્યારે મને એક મેસેજ આવ્યો હતો, જેમાં એક આઇડી પરથી મને મારુ ટેલીગ્રામ આઇડી માંગ્યું હતું.

જેથી મેં તેઓને મારુ ટેલીગ્રામ આઇડી આપ્યું હતું. ત્યાર બાદ મને એક ટેલીગ્રામ આઇડી પરથી મેસેજ આવ્યો હતો અને મારી સાથે પહેલા સામાન્ય વાત કરી હતી, જેમાં મારા પરિવાર તેમજ બિઝનેસ વિશે વાત થઈ હતી. ત્યાર બાદ સામે વાળી વ્યક્તિએ પોતાનું નામ શ્રુતીકા રાણા જણાવ્યું હતું અને મને કહ્યું હતું કે, હું કરન્સી ટ્રેડિંગમાં ઓનલાઇન ટ્રેડિંગનું કામ કરુ છું, જેમાં મને દરેક ટ્રેડિંગમાં ૧૦થી ૨૦ ટકા નફો મળશે,



જેથી મેં હા પાડી હતી. ત્યારે તેણે મને કહ્યું હતું કે, તેના માટે તમારે કરન્સી ટ્રેડિંગનું એક એકાઉન્ટ બનાવવુ પડશે અને હું તમને તેના માટે બીજી એક ટેલીગ્રામ આઇડીની લિંક મોકલુ છું, જેમાં તમે જોઇન થઈ જાવ તેમ કહી મને એક ટેલીગ્રામ આઇડીની લિંક મોકલી હતી. જેમાં જોઇન થયો હતો.

ત્યારબાદ આ આઇડીમાં મને એક લિંક આપી હતી, જેમાં મને મારી ડીટેઈલ ભરવા કહ્યું હતું. મે મારી ડીટેઈલ ભરી હતી તેમજ મારુ આધાર કાર્ડ ઓનલાઇન સ્કેન કર્યું હતું. ત્યાર બાદ મારુ કરન્સી ટ્રેડિંગનું એકાઉન્ટ ઓપન કરી આપ્યું હતું. ત્યાર બાદ મને ટ્રેડિંગ માટે શ્રુતીકા રાણા ટીપ્સ આપતી હતી, જેથી હું મારા એકાઉન્ટમાં ટ્રેડ કરતો હતો, ત્યાર બાદ થોડા થોડા દિવસે તે લિંક બંધ થઇ જતી હતી. પહેલા મેં ૨૦,૦૦૦ રૂપિયાનું કરન્સી ટ્રેડિંગ કર્યું હતું. જેમાં મેં ૨૪૦૦ રૂપિયા પ્રોફિટ વિડ્રો કર્યા હતા. ત્યાર બાદ મેં એક લાખ રૂપિયાનું ટ્રેડિંગ કર્યું હતું. જેમાં મને ૪૦ હજાર રૂપિયા પ્રોફિટ થયો હતો. જેથી મને વિશ્વાસ આવી ગયો હતો કે, હું જે ટ્રેડિંગ કરું છું, તે વિડ્રો પણ થાય છે ત્યાર બાદ મને આ ટેલીગ્રામ વાળાએ અલગ અલગ તારીખે અલગ અલગ બેંક ખાતા મોકલી અલગ અલગ કરન્સીમાં ટ્રેડ કરવા જણાવ્યું હતું. આમ તેના કહેવા પ્રમાણે મેં તેઓએ આપેલા અલગ અલગ બેંક ખાતામાં કુલ રૂ. ૭૫,૮૦,૦૦૦ કરન્સી ટ્રેડિંગના નામે ભરાવી જેના પ્રોફિટ સાથે કુલ રૂ. ૪,૭૩,૨૫૯ રૂપિયા બતાવતો હતો.

આ રકમ ડોલરમાં બતાવતી હતી. તે વિડ્રો કરવા મેં જણાવ્યું હતું, જેથી તેઓએ મને કહ્યું હતું કે, તમારે તે વિડ્રો કરવા માટે તેના બીજા ૩૦ ટકા ટેક્ષ ભરવો પડશે તો જ તમે તે વિડ્રો કરી શકશો. જેથી મે કહ્યું હતું કે, હું ઓનલાઇન ઇન્કમટેક્ષની વેબસાઇટ ઉપર ભરીને તેમને તેની રીસીપ્ટ મોકલી આપું તેમ જણાવતા તેઓએ મને કહ્યું હતું કે, અમે તમને જે બેંક ખાતુ આપીએ તેમા જ ભરવો પડશે. આ બાબતે મે મારા મિત્રને વાત કરતા મારા મિત્રએ મને કહ્યું હતું કે, આ બધુ ફ્રોડ છે અને તમે સાયબર ક્રાઇમની ફરિયાદ આપી દો, જેથી મે ઓનલાઇન સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન ૧૯૩૦ ઉપર અરજી કરી હતી અને મારા ભરેલા રૂપિયા આજ દિન સુધી મને પરત મળ્યા નથી. જેથી મેં આ મામલે વડોદરા સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકારની ઠગાઇ રાજકોટ સહિત રાજયભરમાં થતી રહે છે. છતાં લોકો ચેતતા નથી, જાગૃત નથી થતાં અને શિકાર બની જાય છે.

### જીલ્લા ભાજપ દ્વારા સંગઠન પર્વ અંતર્ગત

# મંડલ સહકાર્ય શાળાઓ યોજાઈ

## ઉપલેટા, ભાયાવદર, ધોરાજી, ગોંડલ, કોટડાસાંગાણી, જેતપુર, લોધિકા, જસદણ, વિછીયામાં યોજાઈ કાર્યશાળા



રાજકોટ મિરર, તા.૧૫

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સૂચના અને જીલ્લા પ્રભારી ધવલભાઈ દવે, રાજકોટ જીલ્લા પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયા, રાજકોટ જીલ્લા સંગઠન પર્વના ચૂંટણી અધિકારી આશિષભાઇ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ મંડલ સ્તરે મંડલ સહ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત જીલ્લાના આગેવાનોએ વિવિધમંડલોની કાર્યશાળાઓ યોજીને માર્ગદર્શન આપ્યું હતું, જેમાં, ઉપલેટા શહેર, ઉપલેટા તાલુકા, ભાયાવદર શહેરમાં રવિભાઈ માંકડિયા તથા પ્રફુલભાઈ ટોળીયા, ધોરાજી શહેર, ધોરાજી તાલુકા, જામકંડોરણા તાલુકા, ગોંડલ શહેર, ગોંડલ તાલુકા અને કોટડાસાંગાણી તાલુકામાં અલ્પેશભાઈ ઢોલરીયા, આશિષભાઈ દવે, જેતપુર શહેર, જેતપુર તાલુકામાં હરેશભાઈ હેરભા, ડો.દિપકભાઈ પીપળીયા, રાજકોટ તાલુકા, લોધિકા તાલુકા, પડધરી તાલુકામાં નરેન્દ્રસિંહ જાડેજા, ડો.દિપકભાઈ પીપળીયા, જસદણ શહેર, જસદણ તાલુકા અને વિછીયા તાલુકામાં હરેશભાઈ હેરભા, પ્રફુલભાઈ ટોળીયા સહીતએ મંડલની કાર્યશાળામાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યશાળાઓમાં ઉપસ્થિત કાર્યકર્તાઓને સદસ્યતા અભિયાન અંતર્ગત કરવાની થતી કામગીરીનું વર્ણન અને આગામી સક્રિય સદસ્યતા અભિયાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યશાળાઓમાં મંડલના હોદેદારો, મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના મંડલના સહયોગીઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા તમામ ઉમેદવારો, શક્તિકેન્દ્રના પ્રમુખઓ, સંગઠન પર્વના શકિતકેન્દ્રના સહયોગીઓ ઉપસ્થિત રહ્યાં હતા.તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઇન્ચાર્જ રાજેશ ગોંડલીયા અને સહ-ઇન્ચાર્જ પ્રકાશ સોલંકીએ જણાવ્યું હતું.

# બેડલા નજીક દારુ ભરેલી રેઢી કાર મળી

### કાર ચાલકની શોધખોળ કરતી એરપોર્ટ પોલીસ

રાજકોટ મિરર, તા.૧૫

રાજકોટ નજીકના બેડલા ગામ પાસેથી કારમાંથી એરપોર્ટ પોલીસે રૂ.૧૯,૨૦૦ ના દારૂ તેમજ કાર મળી રૂપિયા ૩.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરી કારના નંબરના આધારે દારૂના જથ્થાના સૂત્રધારની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ એરપોર્ટ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ડોડીયા, પ્રવિણસિંહ ઝાલા, પોલીસ કોન્સ્ટેબલ ભીષ્મરાજસિંહ ઝાલા વિગેરે સ્ટાફ ગઈકાલે નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતા. ત્યારે ભગીરથસિંહ ડોડીયાને બાતમી મળી હતી કે ચોટીલા તાલુકાના સાલખડા ફુલઝર ગામમાંથી એક સફેદ કલરની સ્વીફ્ટ કારમાં ઈંગ્લિશ દારૂની હેરફેર થાય છે.

આવી બાતમીના અનુસંધાને એરપોર્ટ પોલીસનો કાફલો રાજકોટ નજીકના બેડલા ગામ પાસે વોચમાં હતો. ત્યારે સાલખડા ફુલઝર ગામમાંથી આવતા રસ્તા ઉપર ચેક ડેમ નજીક વોચ ગોઠવતા ત્યાંથી એક બોલેરો પીકપ ગાડી નીકળી હતી તેને ઉભી રાખીને પૂછપરછ કરાતી હતી ત્યારે એક સફેદ કલરની સ્વીફ્ટ કારમાં દારૂ ભરાઈને આવતો હોવાની પોલીસને બાતમી મળી હતી.

દરમિયાન આવી કારને શોધવા પોલીસે તપાસ આદરતા એ સમયે નીકળેલી કારને ઉભી રાખવા પ્રયાસ કરતા ચાલક ઉભો રહ્યો ન હતો અને નીચે ઢાળમાં ગાડી ઉતારીને નાસી ગયો હતો, દરમિયાન જીજે ૦૬ એફ.સી. ૦૯૯૪ નંબરની આ ગાડીમાં તપાસ કરતા.

તેમાંથી વિદેશી દારૂના ૧૯૨ ચપલા મળી આવ્યા હતા. આ તકે પોલીસે રૂપિયા ૧૯,૨૦૦ દારૂના ચપલા તેમજ રૂ.ત્રણ લાખની કાર મળીને કુલ રૂપિયા ૩,૧૯,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી કારને રેઢી મૂકી નાસી જનાર કાર ચાલકની કાર નંબરના આધારે શોધખોલ આદરી છે

# પેટ્રોલ ચોરી કરનાર સિક્યુરીટીમેન સામે તોળાતા સસ્પેન્શનના પગલાં



જસદણ જવાના પૈસા ન હોવાથી પેટ્રોલ ચોર્યાની કબૂલાત

રાજકોટ મિરર, તા.૧૫

રાજકોટ કલેક્ટર કચેરીના પાર્કિંગમાં બાઇકમાંથી પેટ્રોલ ચોરી કરતાં પકડાયેલા સિક્યુરીટીમેન (ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ સિક્યુરીટી ફોર્સના જવાન) સામે હવે સસ્પેન્શનના પગલા તોળાઇ રહ્યા છે. કલેક્ટર કચેરીના વાહન પાર્કિંગમાં બાઇકમાંથી પેટ્રોલની ચોરી કરતાં આ સિક્યુરીટીમેન રંગે હાથ ઝડપાઇ જતાં આ મામલે જરૂરી આધાર-પુરાવા સાથે જિલ્લા કલેક્ટર સમક્ષ ફરિયાદ કરવામાં આવતા ચકચાર જાગી છે. તહોમતદારે ભૂલ કબૂલી લીધી છે પણ આવી ભૂલ તેમને મોંઘી પડે તેમ હોવાના એંધાણ સર્જાયા છે.

જેમાં વીડિયો રેકોર્ડીંગના પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ સમયે પેટ્રોલ ચોરીમાં ઝડપાયેલા આ સિક્યુરીટીમેને પોતાની પાસે પેટ્રોલના પૈસા ન હોવાનું અને તેનું વતન જસદણ હોવાથી તેના બાઇકમાં જસદણ જવા માટે કલેક્ટર કચેરીના કર્મચારીના બાઇકમાંથી ન છૂટકે પેટ્રોલની ચોરી કર્યાનું અને તેની ભૂલ થયાનું જણાવ્યું હતું. તેમજ હવે બીજી વખત આવું ન થાય તેમ કહી આ સિક્યુરીટીમેને માફી માગી લીધી હતી. જે બાદ આ પેટ્રોલ ચોરીનો વીડિયો વાઇરલ થતાં હવે આ ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સે કલેક્ટર કચેરીના સિક્યુરીટીમેન સામે સસ્પેન્શનના પગલા લેવા માટે તૈયારી કર્યાનું સુત્રોએ જણાવ્યું હતું.

# બિગબજાર પાસે બેકાબુ ટ્રક ચાલકે દસેક વાહનોને લીધા હડફેટે

### અકસ્માત સર્જી ટ્રક અથડાયો દીવાલ સાથે, જાનહાની અટકી




રાજકોટ મિરર, તા.૧૫

શહેરમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર ભારે વાહનોને પ્રતિબંધનું પોલીસ કમિશ્નરનું જાહેરનામું હોવાં છતાં બેરોકટોક ટ્રક સહિતના ભારે વાહનો શહેરમાં દોડી રહ્યાં છે અને લોકોના જીવ ઉપર ખતરો પેદા કરી રહ્યા છે છતાં પોલીસ તમાશો જોતી હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. ગઈકાલે રાજકોટમાં બિગ બજાર પાસે ટ્રક ચાલક બેકાબુ બન્યો હતો અને દસેક વાહનોનોને હડફેટે લઈ કડુચલો બોલાવી દિધો હતો. બનાવ અંગે માલવીયાનગર પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે રાજકોટમાં મોરબી રોડ પર ગણેશનગરમાં રહેતાં માનવ હેમરાજભાઈ ધોલીયા (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તે સાંજના પાંચેક વાગ્યાના પોતાનું બાઈક લઇ ૧૫૦ ફૂટ રિંગરોડ પર બિગ બજાર સામે આવેલ ઈમ્પીરીયલ હાઇટસમાં કામથી ગયેલ હતો. તેને પોતાનું બાઈક ઈમ્પીરીયલ હાઇટસની દિવાલ પાસે પાર્ક કરી ઈમ્પીરીયલ બિલ્ડીંગમા અંદર ગયેલ. થોડી વાર બાદ બહાર આવતા એક ટ્રક નં. જીજે-૦૩-એચઈ-૨૩૫૩ નો ચાલક ટ્રક પુરપાટ ઝડપે અને બેદરકારી ભરી રીતે ચલાવી ઘસી આવેલ અને તેમનું પાર્ક કરેલ બાઈક અને અન્ય વાહનોને હડફેટે લઇ દીવાલમા ટ્રક ભટકાવી દીધેલ હતો. જે મામલે ફરિયાદીએ ૧૦૦ નંબરમાં કોલ કરી પોલીસને જાણ કરતાં માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# નાણાવટી ચોકમાં જુગાર દરોડો : ૧૦ મહિલા ઝડપાઈ



રૂ.૨૩૯૩૦ રોકડ કબજે કરતી ગાંધીગ્રામ-૨(યુનિ.) પોલીસ

રાજકોટ, તા. ૧૫

નાણાવટી ચોકમાં રહેણાંક મકાનમાં ચાલતી જુગાર ક્લબ પર પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં ૧૦ મહિલા આરોપી ઝડપાઈ હતી. નાણાવટી ચોક પાસે સતાધાર પાર્ક શેરી નં.૧, રોકડીયા હનુમાનજીના મંદીર પાસે, રહેતી કિરણબેન રાણા બહારથી અન્ય મહિલાઓને બોલાવી પોતાના ઘરમાં જુગાર ક્લબ ચલાવતી હોવાની બાતમી મળતા યુનિવર્સીટી પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર ક્લબની સંચાલક મહિલા સહિત ૧૦ મહિલાઓ જુગાર રમતા ઝડપાઈ ગઈ હતી.

આ જુગારના અખાડામાં નવલનગર, હુડકો, નાગેશ્વર અને શાપર વેરાવળથી મહિલાઓ જુગાર રમવા આવતી હતી. આરોપી મહિલાઓની ઉંમર ૨૮ વર્ષથી ૬૮ વર્ષની છે.

ઝડપાયેલી મહિલાઓમાં કિરણબેન જીતેન્દ્રસિંહ રાણા, વર્ષાબેન મુકેશ શાહ, ચેતનાબેન સુરેશ રાખૈયા, દક્ષાબેન દિલીપ અગોલા, સરોજબેન સુરેશ રાવલ, રેખાબેન નલીન કુંડારીયા, રોશનબેન સલીમ સાંધ, શ્રધ્ધાબેન અમિત જોશી, ભાવનાબેન જીણા કેશવાળ અને નયનાબેન રજનીકાંત કારીયાનો સમાવેશ થતો હોવાનું તેમજ દરોડા સમયે પટમાંથી રૂ. ૨૩,૯૩૦ રોકડ કબજે કરાઈ હોવાનું પ્રો. પીએસઆઈ એન.કે.પંડ્યાએ જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**રાજકોટ :** રાજકોટઃ મૂળ નવાગામ ભાટિયા હાલ રાજકોટ નિવાસી પંકજભાઈ (ઉં.વ.૭૬) તે સ્વ.પ્રભુદાસભાઈ દામોદરભાઈ સુરેયાના પુત્ર તથા સ્વ.નારણદાસભાઈ ગોંડલીયા (મુંબઈ)ના જમાઈ તેમજ હંસાબેનના પતિ, અને સ્વ. ગીરીશભાઈ, સ્વ.જયેન્દ્રભાઈના મોટાભાઈ, સ્વ.રમીલાબેન વેદ, મધુબેન સંપટ, શાનુબેન ઉદ્દેશી, સ્વ.બિન્દુબેન આશરના ભાઈ તા.૧૩ના રોજ અવસાન પામ્યા છે. ઉઠમણું તા.૧૬ ને શનિવારે સાંજે ૫ થી ૬, તેમના નિવાસસ્થાન શ્યામલ રાજ એપાર્ટમેન્ટ, વિંગ - બી. ૨૦૨, શાંતિનગર, ગેઈટની અંદર, રેયાધાર, રાજકોટ ખાતે રાખેલ છે.

લોન લોન લોન
માત્ર પાનકાર્ડ/આધારકાર્ડ ઉપર
૪૦ હજારથી લઈને ૧૦ લાખ સુધીની લોન મેળવો.
શિવ એન્ટરપ્રાઈઝ
Mo. 82383 13120

# ઈકો સેન્સેટિવ ઝોનથી ગીરનું ભવિષ્ય ધૂંધળું

## અમરેલી, જુનાગઢ ને ગીર સોમનાથ જિલ્લાના ૧૯૬ ગામને ઈકો સેન્સેટિવ ઝોનમાં આવરી લેવાશે : પર્યટનને પડશે ફટકો

રાજકોટ, તા. ૧૫

૨૫ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયએ ગુજરાતના ગીરના જંગલની આસપાસના ૩,૩૨૮ ચોરસ કિલોમીટર વિસ્તારને ઇકો-સેન્સિટિવ ઝોન તરીકે સૂચિત કરવા માટે એક ડ્રાફ્ટ સૂચના પ્રકાશિત કરી હતી. જો કે, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રકાશિત થયેલા સુધારેલા ડ્રાફ્ટે સૂચિત ઊજાણનો અવકાશ ઘટાડીને ૨,૦૬૧ ચોરસ કિલોમીટર કર્યો છે. વન અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કાપ જંગલની આસપાસ રહેતા લોકોની મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી છે. ઊજાણ ની અંદર ઘણી વ્યાપારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર-નિર્માણ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે. શાસક ભાજપના નેતાઓ અને અઅઙ જેવા વિરોધ પક્ષોએ સૂચિત ઊજાણનો વિરોધ કર્યો છે. વિરોધ શા માટે થયો અને શા માટે ઊજાણ જાહેર કરવામાં આવ્યા?

ગીર પ્રોટેક્ટેડ એરિયા (ઙઅ) ની આસપાસ ઊજાણ ને સૂચિત કરવાની અનુગામી દરખાસ્તોને રાજકારણીઓ અને જનતાના વિરોધનો સામનો કરવો પડ્યો છે. ગીર એક રાષ્ટ્રીય ઉદ્યાન છે, જેનો અર્થ છે કે તેને વન્યજીવોના રક્ષણ માટે સરકાર દ્વારા ખૂબ જ ઉચ્ચ સ્તરનું રક્ષણ મળે છે, અને એશિયાઇ સિંહોનું છેલ્લું બાકી રહેલું રહેઠાણ છે.

ઊજાણ અનિવાર્યપણે સંરક્ષિત વિસ્તારોની આસપાસ બફર ઝોન તરીકે કામ કરે છે - રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યજીવ અભયારણ્ય, વાઘ અનામત વગેરે - જેથી વન્યજીવન માટે તેમની આસપાસ સંક્રમણ ઝોન હોય. કેન્દ્રએ ૨૫ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ગીરની આસપાસના ઊજાણ માટે પ્રથમ ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું હતું, જેમાં ૩,૩૨૮ ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. ગુજરાત પરિવર્તન પાર્ટી (ઞઙઙ)ના ધારીના ધારાસભ્ય નલિન કોટડિયા (જે પાછળથી ભાજપમાં ભળી ગયા) એ દરખાસ્ત સામે જાહેર વિરોધનું નેતૃત્વ કર્યું. તેમણે કહ્યું કે ખેડૂતોને તેમના ખેતરોમાં કામ કરતી વખતે જંગલી પ્રાણીઓથી પોતાને બચાવવાનો અધિકાર છે.

આ પછી રાજ્ય સરકારે સુધારેલી દરખાસ્ત કેન્દ્રને મોકલી હતી. જો કે, બીરેન પાધ્યા નામના વ્યક્તિએ ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરીને ફરિયાદ કરી હતી કે સુધારાથી ઊજાણનો વિસ્તાર ઘટીને ૧,૧૧૪ ચોરસ કિલોમીટર થઈ ગયો છે. આ પછી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને અંતિમ સૂચના પ્રસિદ્ધ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને આ આદેશ આજદિન સુધી અમલમાં છે. આ વર્ષે ૩ મેના રોજ, રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટને જણાવ્યું હતું કે ગીર ઙઅ ઊજાણ માટે સંશોધિત ત્રીજી દરખાસ્ત કેન્દ્રને મોકલવામાં આવી છે. ત્રીજા સંશોધિત દરખાસ્તના આધારે, ખજ્ઞઊઋઈઈ એ ૧૮ સપ્ટેમ્બરના રોજ ડ્રાફ્ટ સૂચના પ્રકાશિત કરી. ૧૮ સપ્ટેમ્બરના નોટિફિકેશનના દિવસો પછી, જેમાં સૂચિત ઊજાણમાં ૧૯૬ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, ભાજપના ગીર સોમનાથ જિલ્લા એકમના પ્રમુખ મહેન્દ્ર પીઠિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો હતો. તેમણે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના ગામોને ઊજાણમાંથી મુક્તિ આપવા માટે મુખ્યમંત્રીને વિનંતી કરી કારણ કે તે ‘‘બિન-કૃષિ (પરવાનગી) અને રિસોર્ટ્સ, નાના ઉદ્યોગો વગેરે જેવા વ્યવસાયોને વિક્ષેપિત કરશે. ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ (ઈંઋઋઈઘ) ના પ્રમુખ અને અમરેલીના ભાજપના નેતા, દિલીપ સંઘાણીએ ધમકી આપી કે જો વન્યજીવ સંરક્ષણ ‘‘ગામના વિકાસના ખર્ચે‘‘ કરવામાં આવશે તો તે જન આંદોલન શરૂ કરશે. આરએસએસ સાથે જોડાયેલા ભારતીય કિસાન સંઘે પણ નોટિફિકેશન સામે અવાજ ઉઠાવ્યો હતો.



### પર્યાવરણની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોની શું જરૂર છે?

૨૦૦૬ ની રાષ્ટ્રીય પર્યાવરણ નીતિએ પર્યાવરણ-સંવેદનશીલ વિસ્તારોને ‘‘પરિસ્થિતિક સંસાધનો ધરાવતા વિસ્તારો/ઝોન તરીકે વ્યાખ્યાયિત કર્યા છે જે અમૂલ્ય મૂલ્યો ધરાવે છે, જેને સંરક્ષણ માટે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે‘‘, કારણ કે તેમાં લેન્ડસ્કેપ, વન્યજીવન, જૈવવિવિધતા, ઐતિહાસિક અને કુદરતી મૂલ્યો છે. સંરક્ષિત વિસ્તારો એંથ્રોપોજેનિક અને આબોહવા પરિબળોથી પ્રતિકૂળ અસરગ્રસ્ત ઈકોસિસ્ટમને જાળવવામાં મદદ કરે છે. ESZ પછી જ્યારે તેઓ ઉચ્ચ પર્યાવરણીય સંરક્ષણના વિસ્તારોમાંથી નીચા પર્યાવરણીય સંરક્ષણના વિસ્તારોમાં જાય છે ત્યારે તેઓ વન્યજીવન માટે આંચકા શોષક તરીકે કામ કરે છે. ESZમાં કોઈ વ્યાપારી ખાણકામ, પથ્થરની ખાણો, મોટા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ, પ્રદૂષિત ઉદ્યોગો, ઈંટના ભઠ્ઠાઓ વગેરેને મંજૂરી નથી. હોટેલ્સ, રિસોર્ટ્સ, નાના પાયે બિન-પ્રદૂષિત ઉદ્યોગોની વ્યાપારી સંસ્થાઓ અને નાગરિક સુવિધાઓનું બાંધકામ નિયંત્રિત થાય છે. MoEFCC મુજબ, ESZનો વિચાર ૨૦૦૨ માં આવ્યો હતો. રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોની સીમાઓની ૧૦ કિમીની અંદર આવતી જમીનને ESZ તરીકે સૂચિત કરવાની હતી. ૨૦૦૨-૨૦૧૬ ના સમયગાળા માટે નેશનલ વાઈલ્ડલાઈફ એક્શન પ્લાન (NWAP) એ સૂચવ્યું હતું કે સંરક્ષિત વિસ્તાર નેટવર્કની બહારના વિસ્તારો ઘણીવાર ‘‘મહત્વપૂર્ણ ઈકોલોજીકલ કોરિડોર લિંક્સ હોય છે અને લાંબા ગાળે નષ્ટ થઈ શકે તેવા જૈવવિવિધતાના ટુકડાને અલગ થવાથી રોકવા માટે સુરક્ષિત હોવા જોઈએ.‘‘ ૨૦૧૧ માં, MoEFCC એ ESZ જાહેર કરવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી, જેમાં પ્રતિબંધિત, નિયમન અથવા પ્રમોટ કરવા માટેની પ્રવૃત્તિઓની સૂચક સૂચિ હતી.

### ઈકોસેનસીટીવ ઝોનની જાહેરાત બાદ સ્થાનિકો કરી રહ્યા છે વિરોધ

રાજ્ય દ્વારા ગીર સંરક્ષિત વિસ્તારની આસપાસના ૨,૦૬૧.૭૭ ચોરસ કિલોમીટરને ઈકો-સેન્સિટિવ ઝોન (ESZ) તરીકે જાહેર કર્યા પછી, સ્થાનિકો આ વિસ્તારમાં કોઈપણ બાંધકામ દરમિયાન નિકટવર્તી સમસ્યાઓનો દાવો કરીને વિરોધ કરી રહ્યા હતા. જોકે, ગુજરાત સરકારે ESZ નિયમો અંગે સ્થિતિ સ્પષ્ટ કરી છે. કૃષિ પ્રવૃતિઓ, કૂવા ખોદવા અથવા અન્ય કોઈપણ ગ્રામ્ય સ્તરની પ્રવૃત્તિઓ પર કોઈ પ્રતિબંધ નથી. આ સુનિશ્ચિત કરવા માટે છે કે સૂચિત વિસ્તારના ખેડૂતો અને રહેવાસીઓને પ્રતિકૂળ અસર ન થાય. માત્ર મોટા ઉદ્યોગો અને ખાણકામ પ્રવૃત્તિઓ કે જે હવા, પાણી, જમીન અને ધ્વનિ પ્રદૂષણનું કારણ બને છે તે ESZમાં પ્રતિબંધિત છે. તેમણે ગ્રામજનોને ખોટી ભલામણો અને નિવેદનોને અવગણવાનું સૂચન કર્યું. સૂચિત ESZ કુલ ૧૯૬ ગામોને આવરી લેશે, જ્યારે હાલના નિયમો હેઠળ ૩૮૯ ગામો સંરક્ષિત વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારોમાં સમાવિષ્ટ છે, તેમણે કહ્યું.

### સંવેદનશીલ વિસ્તાર કોણ જાહેર કરે છે?

સંબંધિત રાજ્ય સરકારોના વન વિભાગોએ તેમના સંબંધિત રાજ્યોમાં દરેક PA માટે સાઈટ-વિશિષ્ટ ESZ દરખાસ્તો તૈયાર કરવી જોઈએ અને પછી તેને MoEFCCને મોકલવી જોઈએ. આવી દરખાસ્તોની યોગ્ય ચકાસણી કર્યા પછી, MoEFCC અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા લોકો પાસેથી સૂચનો અને વાંધાઓ આમંત્રિત કરતી ડ્રાફ્ટ સૂચના બહાર પાડે છે. આવા વાંધા અને સૂચનો કેન્દ્ર સરકારના અધિકૃત ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશનના પ્રકાશનના ૬૦ દિવસની અંદર સબમિટ કરવાના હોય છે. MoEFCC આવા સૂચનો અને વાંધાઓ પર સંબંધિત રાજ્યનો જવાબ માંગે છે. ત્યારબાદ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની ESZ નિષ્ણાત સમિતિની ભલામણના આધારે, મંત્રાલય અંતિમ ESZ સૂચના જારી કરે છે.

### રાજકોટ અને અમદાવાદના રોકાણકારો રોકાણ કરવાથી થઈ રહ્યા છે દૂર

ઈકો સેન્સેટિવ ઝોનની જાહેરાત બાદ અને જે હદ વધારવામાં આવી છે તેનાથી હોસ્પિટલિટી ઉદ્યોગને ઘણી માઠી અસરનો સામનો કરવો પડી રહ્યો છે. એ છે કે હાલ આ એકમાત્ર ઉદ્યોગ એવો છે અને સમગ્ર દેશમાંથી યાત્રિકો એશિયાટિક સાવજ ને જોવા માટે ગીર માં આવતા હોય છે ત્યારે ઈકો સેન્સેટિવ ઝોનની હદ વધતાં જે બીલ્ડપ થવું જોઈએ તે વિસ્તાર બેડ થતો નથી એટલે કે નવનિર્માણ વિસ્તાર ન પામે તો ઘણી ઘણી નુકશાની વેઠવી પડે છે. ઈકોસેન્સેટીવ ઝોનની હદ વધતા જ નવા રિસોર્ટ કે નવી હોટલ ઊભી કરવી અશક્ય બની છે બીજી તરફ રાજકોટ અને અમદાવાદના રોકાણકારો કે જેવો ગીરમાં રોકાણ કરવા માંગતા હોય અથવા તો યાત્રિકોને સારી સહુલત મળે તે માટે નવા રિસોર્ટ ઉભા કરવા માંગતા હોય એમના માટે આ ખૂબ ખરાબ સમાચાર છે કારણ કે જ્યાં સુધી તેઓને કોઈ છૂટછાટ નહીં મળે ત્યાં સુધી ઘણા ખરા પ્રશ્નો ઊભા થશે.

## પડકારો વચ્ચે પોલીસે સફળતા મેળવીઃ બે ચોરીના ભેદ ઉકેલાયાઃ તસ્કર સાથે તસ્કરણીની પણ થઈ ધરપકડ

# આર્કિટેક્ટના ઘરમાંથી રિક્ષાચાલકે ચોર્યા હતાં ૬ા લાખ

## ખડધોરાજીનો રીઢો તસ્કર અગાઉ સાત ગુનામાં દબોચાયો હતોઃ અનેક ફુટેજ વચ્ચે માત્ર બે સેકન્ડના ફુટેજમાં શકમંદ દેખાતાં જ પીએસઆઈ આર. એચ. ઝાલા ઓળખી ગયા કે-આ તો શીવો!: ટીમ દોડી ગઈ અને સકંજામાં લેતાં જ ગુનો ઉકેલાયોઃ તમામ રોકડ-દાગીના કબ્જે થયા

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૫

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ સહિત સૌરષ્ટ્રભરમાં તસ્કરોએ પોલીસને પડકાર ફેંકવાનું ચાલુ કર્યુ છે. બીજી તરફ પોલીસ આવા ગુનાઓના ડિટેક્શન પણ કરી રહી છે. પાંચ દિવસ પહેલા શહેરના યુનિવર્સિટી રોડ પર આયુર્વેદિક હોસ્પિટલ પાછળ આવેલા ઋષીકેશ પાકમાં રહેતાં આર્કિટેક્ટના ઘરમાં લાખોની ચોરી થઇ હતી. આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી નાખી રીઢા તસ્કરની છાપ ધરાવતાં કાલાવડ પંથકના ગામડામાં રહેતાં રિક્ષાચાલકને દબોચી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ શખ્સને અગાઉ પણ એલસીબીની ટીમે જ સાત ઘરફોડ ચોરીઓમાં પકડ્યો હતો. માત્ર બે સેકન્ડના જ સીસીટીવી ફૂટેજ જોઇને પીએસઆઇ આર. એચ. ઝાલા તેને ઓળખી ગયા હતાં અને ખડધોરાજીથી ઉઠાવી લેતાં ગુનો ઉકેલાઇ ગયો હતો. બીજા ડિટેક્શનમાં વાયરના બંડલોની ચોરી કરનાર ત્રણ તસ્કરણીને પકડી લેવાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ઋષીકેશ પાર્કમાં રહેતાં અને આર્કિટેક્ટ તરીકે કામ કરતાં અક્ષયભાઇ મગનભાઇ મુંગરાના એક રાત માટે બંધ રહેલા ઘરમાં છ લાખ પચ્ચીસ હજારની ચોરી થઇ હતી. આ ગુનાનો ભેદ ગણતરીના દિવસોમાં એલસીબી ઝોન-૨ ટીમ અને યુનિવર્સિટી પોલીસની ટીમે ઉકેલી રીઢા તસ્કરની છાપ ધરાવતાં કાલાવડના ખડધોરાજી ગામના પિસ્તાલીસ વર્ષના રિક્ષાચાલક શીવા જેરામભાઇ વાજેલીયાને પકડી તેણે ચોરેલા રોકડ-દાગીના કબ્જે કર્યા છે. ઋષિકેશ પાર્કમાં રહેતાં અક્ષયભાઇ મુંગરાની દિકરીની તબીયત સારી ન હોઇ એઇમ્સ હોસ્પિટલમાં તેણીને બતાવવા ગયા ત્યારે ડોક્ટરે દિકરીને દાખલ કરવાનું કહેતાં અક્ષયભાઇ અને તેમના પત્નિ એક રાત હોસ્પિટલમાં રોકાયા હતાં. ગત ૧૧મીની રાતે તેમનું ઘર રેઢુ પડ્યું હોઇ તેમાં ચોરી થઇ હતી. જેમાં રોકડ, દાગીના સહિત સવા છ લાખની માલમત્તા ચોરાઇ ગઇ હતી. ગુનાનો ભેદ ઉકેલવા યુનિવર્સિટી પોલીસ અને એલસીબી ઝોન-૨ ટીમે સીસીટીવી ફૂટેજને આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

અનેક ફૂટેજ ચેક કરાયા તેમાં કોઇ શકમંદ દેખાયો નહોતો. દરમિયાન એક સ્થળે માત્ર બે સેકન્ડના ફૂટેજ મળતાં તેમાં જે શકમંદ દેખાયો તેને પીએસઆઇ આર. એચ. ઝાલા તુરત ઓળખી ગયા હતાં. આ તસ્કર બીજો કોઇ નહિ પણ ગત ફેબ્રુઆરીમાં જ રાજકોટના પરાસર પાર્ક સહિત છ સ્થળે ચોરીઓ કરવામાં પકડાયેલો ખડધોરાજીનો શીવા વાજેલીયા હોવાનું ઓળખી જતાં ટીમ ત્યાં પહોંચી હતી અને તેને ઉઠાવી લીધો હતો. પકડાયેલા શીવા પાસેથી



અગાઉ પણ એલસીબી ઝોન-૨ ટીમે આ રીઢા તસ્કરને પકડ્યો હતો

પોલીસે સોનાના દાગીના જેમાં ચેઇન, કઇડા, વીટી, પેન્ડલ, કાનની બુટી, ચાંદીના નજરીયા, સોનાનું બ્રેસલેટ, ચાંદીની બંગડી, સોનાનું મંગલસુત્ર, જેન્ટસની સોનાની વીંટી તેમજ ચાંદીના અન્ય દાગીના, રોકડા રૂા. ૪૦૫૧૦, બે મોબાઇલ ફોન, તાળા તોડવા માટેનું પક્કડ સહિત રૂા. ૫,૧૮,૦૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

વધુ વિગતો જોઇએ તો રીઢા તસ્કરની છાપ ધરાવતો શીવો વાજેલીયા રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. પણ આર્થિક ભીંસ દૂર કરવા તે ચોરીઓના રવાડે ચડ્યો હતો અને એ પછી રાજકોટમાં ચોરીઓના સાત ગુના આચરી લીધા હતાં. જેમાં ગત ફેબ્રુઆરીમાં તેને એલસીબી ઝોન-૨ ટીમે પકડી લીધો હતો. એ પછી જેલમાં ગયો હતો. છુટીને ફરી ચોરીઓના રવાડે ચડ્યો હતો. ચોરીના સાત, દારૂ અને જાહેરનામા ભંગના બે મળી નવ ગુનામાં તે અગાઉ સંડોવાયો હતો. શીવો રિક્ષા લઇ સાંજના સમયે રાજકોટ આવતો હતો અને ગમે ત્યાં રોકાઇ મોડી રાતે રેકી કરી જે મકાન બંધ મળે તેમાં ત્રાટકતો હતો. આ વખતે તે ખાનગી વાહન મારફત રાજકોટ આવ્યો હતો અને રાતે ઋષીકેશ પાર્કમાં બંધ મકાનમાં ત્રાટકી ચોરી કરી કાલાવડ રોડ પરથી કોઇ વાહન મારફત પોતાના ગામ જતો રહ્યો હતો.

આ ચોરીનો ભેદ ઉકેલવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ઇન્ચાર્જ ડીસીપી પૂજા યાદવ, એસીપી રાધીકા ભારાઇની રાહબરીમાં આ કામગીરી એલસીબી ઝોન-૨ના પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાધીયા, કોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ રાણા તથા યુનિવર્સિટી પોલીસના પીએસઆઇ ડી. બી. કારેથા, એએસઆઇ જે. એન. ખટાણા, હેડકોન્સ. વિરેન્દ્રસિંહ ઝાલા, ક્રિપાલસિંહ ઝાલા, વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજાની ટીમોએ જહેમત ઉઠાવી હતી અને સફળતા મળી હતી.

ચોરીના અન્ય એક ડિટેક્શનની વિગતો જોઇએ તો ચોરીના અન્ય એક ડિટેક્શનની વિગતો જોઇએ તો ટાગોર રોડ પર એલઆઇસી સોસાયટી-૨માં નવા મકાનમાં વાયરીંગનું કામ ચાલતુ હોઇ તેમાં ઇલર્ઇક્ટ્રીક વાયરના બંડલો બાથરૂમમાં રખાયા હોઇ તાળુ તોડી રૂપિયા એંસી હજારના વાયરના આ બંડલો કોઇ ચોરી ગયું હતું. એ-ડિવીઝન પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલી ત્રણ મહિલાને પકડી લઇ અઢાર બંડલ જેટલો વાયર કબ્જે કર્યો છે. ચોરીનો ગુનો દાખલ થતાં ડી. સ્ટાફની ટીમે તપાસ શરૂ કરી સીસીટીવી ફુટેજ ચકાસ્યા હતાં. દરમિયાન હેડકોન્સ. ધારાભાઇ ગઢવી અને કોન્સ. ભગીરથસિંહ ઝાલાએ બાતમી મળતાં શાસ્ત્રીમેદાન પાસેથી ત્રણ મહિલાને વાયરોના બંડલ સાથે પકડી લીધી હતી. પ્રાથમિક પુછતાછમાં તેણીએ રેઢા મળ્યાનું રટણ કર્યુ હતું. વિશેષ પુછતાછ થતાં અને ફુટેજ ચેક કરવામાં આવતાં આ ત્રણેયે એલઆઇસી સોસાયટીના નવા બની રહેલા મકાનમાંથી જ આ બંડલો ચોર્યાનું ખુલતાં તેને પકડી લેવાઇ હતી. જેન પકડવામાં આવી છે તે ત્રણેય તસ્કરણીના નામ લક્ષ્મી વિજય સોલંકી (ઉ.૨૫-રહે. રામનાથપરા-૧), સોનલ રાયધન દેવીપૂજક (ઉ.૨૮-રહે. કુબલીયાપરા-૫) અને પૂજા રાજુ ટોપલીયા (ઉ.૨૮-રહે. કુબલીયાપરા-૫)ની ધરપકડ કરી વાયરોના બંડલ કબ્જે કર્યા હતાં. ઝડપાયેલી પૈકી લક્ષ્મી અને સોનલ અગાઉ પણ ચોરીના ગુનાઓમાં પકડાઇ હતી. ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એ-ડિવીઝન ઇન્ચાર્જ જે. આર. દેસાઇ, પ્રો.પીઆઇ સી. વાય. મહાલે, પીએસઆઇ એસ. એમ. રાણા, બી.આર. સાવલીયા, એએસઆઇ ભરતસિંહ ગોહિલ, વિશ્વાબેન દહીયા, નીતાબેન ડાંગર, હેડકોન્સ. કલ્પેશભાઇ બોરીચા, ધારાભાઇ ગઢવી, કોન્સ. ભગીરથસિંહ ઝાલા, સંજયભાઇ ચૌહાણ, યોગેશભાઇ મકવાણા, ધવલ જીલડીયા અને અનિરૂધ્ધસિંહ ચાવડાએ આ સફળતા મેળવી હતી.